Tuesday 03, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ડાંગ દરબારનું સમાપન

### પોલિટીકલ પેન્શન સાથે ડાંગના રાજવીઓનું રાજયપાલે સન્માન કર્યું



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૨ :** અંગ્રેજોની આધિનતા નહીં સ્વીકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવમાં પધારેલા મહાનુભાવોનું સ્વાગત કરી, હોળી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

ડાંગ દરબારના કાર્યક્રમ પ્રસંગે રાજ્યપાલ ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કર્યો હતો. આ માટે ડાંગ જિલ્લો આજે દેશ માટે પ્રેરણારૂપ જિલ્લો બન્યો છે.

વાસુર્ણા રાજવી ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશીએ જંગલ અને પ્રકૃતિને બચાવનાર પાટીલ કારભારીની પ્રથા શરૂ કરવાં અને ડાંગનાં લોકોને ઘર આંગણે રોજગારી ઉપલબ્ધ કરવાં પ્રજાવતી અરજ કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાને સૌને ડાંગ દરબારમા હોળી પર્વની શુભકામનાઓ પાઠવી સૌને આવકાર્યા હતાં. ડાંગ દરબાર કાર્યક્રમમા વાસુર્ણા રાજવીએ રાજ્યપાલને ધનુષ્યબાણ તથા સાફો પહેરાવી સન્માનિત કર્યા હતાં. તથા ભીલ યોદ્ધાઓનું પુસ્તક અર્પણ કર્યું હતું. જિલ્લા વહીવટી તંત્રે રાજ્યપાલને સ્મૃતિભેટમા વારલી પેન્ટિંગ તથા તારપુ અર્પણ કર્યું હતું. તો રાજ્યપાલએ ડાંગનાં પાંચ રાજવીઓને વિધિવત રીતે પાન સોપારી, શાલ, સ્મૃતિભેટ, સ્વર્ણમુદ્રા અને રાજકીય પેંશન અર્પણ કર્યું હતું.

આહવાના રંગ ઉપવન ખાતે આયોજિત ડાંગ દરબારનાં સમારોહમા ડાંગી આદિવાસી લોક નૃત્ય, તથા હરિયાણી ઘુમ્મર નૃત્ય રજૂ થયું હતું. ડાંગ દરબારના શાલિયાણા અર્પણ વિધિના કાર્યક્રમમા ડાંગ જિલ્લાના પાંચ રાજવીઓ સહિત અધિકારી અને પદાધિકારીઓ, મહાનુભાવો, અગ્રણી નાગરિકો, વ્યકિત વિશેષ, સ્થાનિક પ્રજાજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરનારા કલાકારો, મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### કોને, કેટલું પોલિટીકલ પેન્શન ?

રાજ્યપાલના હસ્તે વર્ષ ૨૦૨૬ના ડાંગ દરબાર સાથે ડાંગના પાંચ રાજવીઓ (૧) કિરણસિંહ યશવંતસિંહ (ગાઢવી રાજ)ને વાર્ષિક રૂા.૧૩,૯૫,૨૬૧/-, (૨) છત્રસિંગ ભવરસિંગ (આમાલા રાજ)ને વાર્ષિક રૂ.૧૪,૫૦,૩૨૬/-, (૩) ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશી (વાસુર્ણા રાજ)ને રૂ.૧૩,૦૫,૭૯૨/-, (૪) તપતરાવ આનંદરાવ પવાર (દહેર રાજ)ને રૂ.૭,૭૧,૧૪૪/- તથા (૫) ત્રિકમરાવ સાહેબરાવ (પીંપરી રાજ)ને રૂ.૮,૨૨,૬૨૧/- સહિત નવ નાયકો અને ભાઉબંધોને મળીને વાર્ષિક કુલ રૂપિયા ૬૭ લાખ, ૭૪ હજાર, ૨૭૮નું પોલિટિકલ પેન્શન એનાયત કરવામાં આવ્યું હતું.

## યુઆઈએમાં ચૂંટણીનો થનગનાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૨ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણી જાહેર થતાં ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના હિતોનું રક્ષણ થાય અને ઉદ્યોગકારોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સક્ષમ અને અનુભવી નેતૃત્વ સંસ્થાને મળે તેવી ઉદ્યોગકારોમાં માંગ ઉઠી રહી છે. આ પરિસ્થિતિમાં કેટલાક સ્થાનિક ઉદ્યોગકારો આજરોજ યુ.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ નરેશ બાથીયાને મળવા પહોંચ્યા હતાં. આગામી સમયમાં યોજાનારી યુ.આઈ.એ.ની ચૂંટણીમાં તેઓ સક્રિય રીતે ભાગ લે તેવી વિનંતી ઉદ્યોગકારોએ કરી હતી. મુલાકાત અંગે સ્થાનિક ઉદ્યોગપતિ મુસા શેખએ જણાવ્યું હતું કે પૂર્વ પ્રમુખ નરેશભાઈ ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના હિતમાં અસરકારક કામગીરી કરી શકે એવા સક્ષમ નેતા છે. તેથી તેઓ ચૂંટણીમાં ભાગ લે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રકાશ વર્માએ જણાવ્યું હતું કે પૂર્વ પ્રમુખ તરીકે નરેશભાઈની કામગીરી નોંધપાત્ર રહી છે. તેમનો અનુભવ અને કાબેલિયત ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ માટે અત્યંત ઉપયોગી અને આશીર્વાદરૂપ સાબિત થશે. આ કારણે જ સ્થાનિક ઉદ્યોગકારો તેમની સાથે મુલાકાત કરવા આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.


## પૂજારી જોઈએ છે

વાપી ખાતે છરવાડા ગામે આવેલ શંકર ભગવાનના મંદિર માટે પુજારીની જરુર છે જેમને રહેવાની સગવડ પણ આપવામાં આવશે. ઈચ્છુક વ્યકિતએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવો

સંપર્ક 9879463248








દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

**મુખ્ય કાર્યાલય**

**દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.**


**ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫**

ઈમેલ- editor.dgt@gmail.com







દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ડાંગ જિલ્લાની મુલાકાત લીધી

## આહવાના રંગ ઉપવનમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)
**આહવા, તા. ૦૨ :** ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામા આહવાના રંગઉપવન ખાતે પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય મિશન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે ડાંગ જિલ્લો સમગ્ર દેશમાં પ્રથમ પ્રાકૃતિક જિલ્લા તરીકે ઉદાહરણરૂપ જિલ્લો બન્યો છે.વર્ષ ૨૦૨૧-૨૨ મા અનેકવાર ડાંગ જિલ્લાની મુલાકાત દરમિયાન ડાંગ જિલ્લાને સંપૂર્ણ ઝેરમુક્ત જિલ્લો બનાવી, પ્રાકૃતિક જિલ્લો બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. જે આજે સાકાર થતી જોવા મળી રહી છે. આજે ડાંગની પ્રાકૃતિક પેદાશો ઉપર લોકો વિશ્વાસ મૂકી રહ્યાં છે. ડાંગ જિલ્લાની પ્રાકૃતિક પેદાશોની માંગ ખુબ જ વધવા લાગી છે. ડાંગ જિલ્લાના ખેડૂતો ઝેરમુક્ત ખેતી કરી રહ્યાં છે.

ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને રાજ્ય સરકારની દેશી ગાયના નિભાવ ખર્ચની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ માં ૨૫૮૨ ખેડુતોને ૧૩૯.૪૩ લાખની સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માં ૩ ગ્રામ પંચાયત દીઠ કલ્સ્ટર મુજબ કૃષિ વિસ્તરણ તંત્ર મારફતે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા જિલ્લામાં કુલ- ૧૮૪૨ તાલીમનું આયોજન કરી, કુલ-૩૧૫૪૪ થી વધુ ખેડુતોને માર્ગદર્શિત કરવામાં આવ્યા છે. જેના થકી ૪૩૭૫ થી વધુ નવા ખેડુતોને વિલિંગ ખેડુતો તરીકે પસંદ કરાયા છે. તથા ૪૩૭૫ ખેડૂતોનું પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાયું છે.

આ કાર્યક્રમ દરમિયાન રાજયપાલશ્રીએ પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ સખી અને કિસાન મિત્ર સાથે વાર્તાલાપ કરી પ્રાકૃતિક પદ્ધતિઓ વિશે વિસ્તાર પૂર્વક ચર્ચા કરી સવાંદ કર્યો હતો. આ કાર્યક્રમમા જિલ્લા પંચાયત પ્રમુખ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક, નવસારી કૃષિ યુનિવર્સીટીના કુલપતી, ડાંગ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના કાર્યકારી નિયામક, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટર સહિત ડાંગ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, માસ્ટર ટ્રેનર ખેડૂતો, કૃષિ સખી બહેનો, તેમજ ચાર હજાર થી વધુ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ રાજયપાલને બોરખેત સ્તિથ હેલિપેડ ખાતે જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ આવકાર્યા હતાં. રંગ ઉપવન ખાતે રાજયપાલશ્રીને ગાર્ડ ઓફ ઓર્નર પણ અપાયું હતું. આ ઉપરાંત રાજયપાલએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદક સ્ટોલની મુલાકાત લીધી હતી.

### ગોંડવિહિરમાં આદિવાસી પરિવાર સાથે ડાંગી ભોજનનો આસ્વાદ માણ્યો



ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગોંડલવિહિર ગામે આદિવાસી પરિવારના લાહનુભાઈ મહાકાળના ઘરે તેમના પરિવાર સાથે સાંજે પ્રાકૃતિક ભોજનનો આસ્વાદ માણ્યો હતો. પરિવારના વડીલ દાદી અને બન્ને બાળકો સાથે પણ તેમણે સહજ વાર્તાલાપ કર્યો હતો.




### ગોંડલવિહિરના ગ્રામજનો સાથે રાત્રિસભા યોજી

(દમણગંગા ટાઈમ્સ)
**આહવા, તા. ૦૨ :** ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગોંડલવિહિરના ગ્રામજનો સાથે રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. આ અવસરે રાજ્યપાલે ગ્રામજનોને સંબોધતાં આદર્શ ગામ બનાવવા, શિક્ષિત બનવા, ગામમાં વૃક્ષારોપણ, સામાજિક સમરસતા, સ્વચ્છતા-સફાઈ અભિયાન અને નશામુક્ત સમાજના નિર્માણ માટે એકજૂટ થવાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

## વાંસદા કન્યાશાળામાં વિજ્ઞાનની દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૦૨** વાંસદા કન્યા શાળા વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કન્યા શાળા વિજ્ઞાન દિન ની ઉજવણીમાં ધોરણ પથી ૮ના ૯૫ વિદ્યાર્થીની ભાગ લીધો હતો. કન્યા શાળામાં ધોરણ મુજબ પ્રકાશનું બહિર્ગોળ લેન્સ અને અંતર્ગોળ લેન્સ વડે રચાતા પ્રતિબિંબ ચુંબકના વિવિધ પ્રયોગો, વિધુતના વિવિધ પ્રયોગો, બાષ્પોત્સર્જન વગેરે ૫૦ જેટલા પ્રયોગો કર્યા હતા. કન્યા શાળા આચાર્ય ભરતભાઈ એ વિજ્ઞાન દિવસની ઉજવણીનો હેતુ સમજાવી વિદ્યાર્થીની ઓ શિક્ષકોની સંયુક્ત મહેનતને બિરદાવી હતી. કન્યા શાળા આચાર્ય ભરતભાઈ, જિજ્ઞાસાબેન અને હેમલતાબેનના માર્ગદર્શન હેઠળ તથા સ્ટાફ મિત્રોના સહકારથી શાળા વાતાવરણ વિજ્ઞાનમય બન્યું. અંતે દરેક વિદ્યાર્થીઓ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## નવસારીમાં કેન્દ્રીયમંત્રી દ્વારા રૂા.૨૬ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૨ :** નવસારીના દશેરા ટેકરી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે રૂ. ૨૬ કરોડના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં જલાલપોરની નવનિર્મિત મામલતદાર કચેરી, ઝજ્જ યોજના હેઠળના કામો અને પંચાયત સિંચાઈ યોજનાના ચેકડેમ કમ ટાઈડલ રેગ્યુલેટર જેવા મહત્વના પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરાયો હતો. મંત્રી પાટીલે જણાવ્યું હતું કે, નવસારી મહાનગરપાલિકા બન્યા બાદ શહેરમાં વિકાસની ગતિ તેજ બની છે અને સરકાર નાગરિકોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી મોડેલ નવસારી બનાવવા સંકલ્પબદ્ધ છે. તેમણે ભવિષ્યની પેઢી માટે જળ સંચયનો સંકલ્પ લેવા પણ નાગરિકોને અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે નવસારી જિલ્લા વિકાસ વાટિકા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

મંત્રી નરેશભાઈ પટેલે આ પ્રોજેક્ટ્સને લોકકલ્યાણકારી ગણાવી જિલ્લાની સુખાકારીમાં વધારો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના સ્વાગત પ્રવચન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઈ દેસાઈ,જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ, મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરી, ડીડીઓ પુષ્પલતા, એસપી રાહુલ પટેલ અને ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગણદેવીની અમૃતમ હોસ્પિટલનો બીજા વર્ષમાં મંગળ પ્રવેશ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૦૨ :** અમૃતમ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત અમૃતમ હોસ્પિટલના સ્થાપનાનું પ્રથમ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થતાં રવિવારે દ્વિતીય વર્ષમાં મંગળ પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ અવસરે હોસ્પિટલ ખાતે સત્યનારાયણ ભગવાનની કથા તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ માટે સાગર સાધન સહાય કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલના કર્મનિષ્ઠ સ્ટાફ સ્વ. સાગર હેમંતભાઈ ભટ્ટના આકસ્મિક અવસાન બાદ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમના નામથી જ સહાય કેન્દ્ર શરૂ કરાયું છે. જેનું લોકાર્પણ સ્વર્ગસ્થના માતા-પિતા અને પૂજ્ય હરિસેવક દાસજી સ્વામી સહિતના મહાનુભાવોના હસ્તે કરાયું હતું. આ કેન્દ્ર દ્વારા મેડિકલ બેડ, વ્હીલચેર, વોકર, એર બેડ જેવા સાધનો દર્દીઓને વિનામૂલ્યે વપરાશ માટે આપવામાં આવશે. ટ્રસ્ટના પ્રમુખ રાકેશભાઈ અને મંત્રી અમિતભાઈ નાયકે જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં હોસ્પિટલે ૧૦,૦૦૦ થી વધુ દર્દીઓને રાહતદરે સેવા આપી છે. આ પ્રસંગે નાની ચોવીસી-USA સ્થિત ઝવેરભાઈ અને પીનાબેન પટેલ તરફથી એમ્બ્યુલન્સના દાનની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત, રોટરી ક્લબ ગણદેવી દ્વારા મળનારી ઈન્ટરનેશનલ ગ્રાન્ટ અંગે પણ માહિતી અપાઈ હતી. હોસ્પિટલની સફળતામાં મહત્વનું યોગદાન આપનાર તબીબો અને સ્ટાફનું પુષ્પગુચ્છથી સન્માન કરાયું હતું. કાર્યક્રમના અંતે ઉપપ્રમુખ પરિમલભાઈ નાયકે ઉપસ્થિત દાતાઓ અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પૂજ્ય કૃપાલુ સ્વામી, રોટરી પ્રમુખ સતીષચંદ્ર નાયક સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## નવસારી ડેપોને ગોળીગઢ જાત્રા ફળી : રૂ. ૬.૧૩ લાખની આવક મળી

(દમણગંગા ટાઈમ્સ)
**નવસારી, તા. ૦૨ :** સુરત જિ.ના મહુવા તા.નાં વાંસકૂઈ ગામે પ્રતિવર્ષે ફાગણ સુદ પૂનમ-હોળી(તા.૨/૩)નાં આગલા રવિવારે (તા.૧/૩)ગોળીગઢ બાપુ-વાસકૂઈ નો મેળો ભરાયો હતો ગુજરાતભરમાં જાણીતા આ મેળામાં દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા.જેઓની પરિવહન સેવામાં ગુજરાત એસટી નિગમની નવસારી ડેપોની ૪૦ બસ-વાહનો જોડાયા હતા. જે દ્વારા ૨૫૪ ફેરા દોડાવી- ૮,૮૪૦ યાત્રાળુઓની હેરફેર કરી રૂ. ૬,૧૨,૬૩૧/- ની અઢળક આવક પ્રાપ્ત કરી ને પ્રતિ કિમી.દીઠ રૂ.૭૩.૮૯ ની વિક્રમ કમાણી (ઈપીકેએમ)મેળવી હતી. જે ગત વર્ષ કરતા ઓછા ફેરા લગાવી રૂ.૨૦,૦૦૦/- ની વધુ કમાણી કરી, જે માટે અવ્વલ કેન્દ્ર વ્યવસ્થાપક કલ્પેશ ગાંધી તેમના કર્મચારીઓનો પરિશ્રમ સહકાર આભારી હોવાનું જણાવે છે. ગાંધીએ શનિવાર રાતથી પર્યાપ્ત માત્રામાં યાત્રાળુઓ થતાં બસ દોડાવી હતી, ભક્તોને રાહ જોવી ના પડે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## હરણગામના મેદાનમાં દાદા કી સેના ક્રિકેટ લીગનો દબદબો

### પૂજ્ય છોટેદાદાએ મેદાનમાં ઉતરી બેટિંગ-બોલિંગમાં આકર્ષણ જમાવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૨ :** બીલીમોરા નજીક દેવસર નવનાથ ધામના ગાદીપતિ પ.પૂ. છોટેદાદાના માર્ગદર્શન હેઠળ હરણ ગામના જેમસન મેદાન ખાતે દાદા કી સેના ક્રિકેટ પ્રીમિયર લીગ - સિઝન ૩ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન ચાલીસાના પાઠ સાથે શરૂ થયેલી આ ટૂર્નામેન્ટમાં ૧૧ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં પૂજ્ય છોટેદાદાએ સ્વયં જય મહાકાલી ટીમ વતી ઓલરાઉન્ડર પ્રદર્શન કરી ખેલપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

દિવસભર ચાલેલી રસાકસીભરી મેચોના અંતે શેરા રાજા વોરિયર્સની ટીમ વિજેતા બની હતી, જ્યારે નવનાથ ગર્જના ટીમ રનર્સ અપ રહી હતી. વિજેતા ટીમને રૂ. ૨૫ હજાર અને આકર્ષક ટ્રોફી તેમજ રનર્સ અપ ટીમને રૂ. ૧૧ હજાર અને સિલ્વર ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. દત્ત ગોરખની ટીમ સેકન્ડ રનર્સ અપ રહી હતી. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને વિશેષ ટ્રોફી અને તમામ સહભાગીઓને સ્પેશિયલ લોગોવાળા કી-ચેન આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે પૂજ્ય છોટેદાદાએ યુવા ખેલાડીઓને રાષ્ટ્રહિત અને ધર્મ સંરક્ષણ માટે સેવા, સમર્પણ અને સંગઠનની ભાવના સાથે કાર્યરત રહેવા આહવાન કર્યું હતું. આ ટુર્નામેન્ટમાં ભાજપના અગ્રણીઓ, રાનકુવા અને ચીખલી સત્સંગ મંડળના સભ્યો, સમાજસેવકો અને મોટી સંખ્યામાં પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## જલાલપોર 'તાલુકા યોગ શિબિર'માં ૫૦૦ થી વધુ નાગરિકો સહભાગી થયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા. ૦૨ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ના સંકલ્પ સાથે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના હાંસાપોર અને વેસ્મા ગામ ખાતે 'તાલુકા યોગ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગને વિશ્વ ફલક પર જે આગવું સ્થાન અપાવ્યું છે, તેને અનુસરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના 'હર ઘર યોગ'ના સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ.ગ્રામીણ જનતા યોગ સાથે જોડાય અને નિરોગી જીવન જીવે તેવા આશયથી આયોજિત આ શિબિરમાં કુલ ૫૦૦ કરતા વધારે યોગ પ્રેમી લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વેસ્માના સરપંચ ધીરુભાઈ પટેલ, આરકના સરપંચ પ્રિયંકાબેન પટેલ, કારોબારી સભ્ય માધુભાઈ કથિરીયા, સમાજ સેવક હરીશભાઈ મંગનાની અને રવીન્દ્રભાઈ અગ્રવાલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં સહભાગીઓને વિવિધ આસનો અને પ્રાણાયામની તાલીમ આપવાની સાથે યોગ શિક્ષક બની સમાજ સેવા કરવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. જિલ્લા કો-ઓર્ડિનેટર ગાયત્રીબેન તલાટી, યોગ કોચ અને ટ્રેનર્સના સમન્વયથી આ આયોજન પ્રશંસનીય રીતે સફળ રહ્યું હતું.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.**૦૩-૦૨-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** ફાગણ, પૂનમ **સૂર્યોદય :** ૦૭ : ૦૩ **સૂર્યાસ્ત** ૧૮ : ૩૯, **ચંદ્રોદય** - ૦૬:૪૪ **ચંદ્રાસ્ત** - ૦૭:૨૦ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - મઘા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે લાગણીની દ્દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.

**સિંહ(મ.ટ.) :** એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ.

**તુલા (ર.ત.) :** જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.

**મકર(જ.ખ) :** આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારીને ખર્ચ કરોનહીંતરધન હાનિ થયી શકે છે.

## દમણ રેડિયો 102.3 FM

आकाशवाणी

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 1 | | 4 | | 3 | |
| | | 6 | | | | 8 | | |
| 4 | | | 2 | | 9 | | | 6 |
| 7 | | 9 | 6 | | 8 | 5 | | 2 |
| | | | | | | | | |
| 8 | | 4 | 3 | | 5 | 7 | | 1 |
| 1 | | | 4 | | 2 | | | 3 |
| | | 7 | | | | 2 | | |
| | 8 | | 5 | | 1 | | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૩ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 7 | 5 | 9 | 6 | 3 | 6 |
| 6 | 8 | 3 | 2 | 4 | 1 | 7 | 5 | 9 |
| 9 | 7 | 5 | 3 | 8 | 6 | 4 | 1 | 2 |
| 7 | 5 | 4 | 6 | 3 | 8 | 2 | 9 | 1 |
| 8 | 6 | 9 | 5 | 1 | 2 | 3 | 7 | 4 |
| 2 | 3 | 1 | 9 | 7 | 4 | 6 | 8 | 5 |
| 3 | 4 | 7 | 1 | 6 | 5 | 9 | 2 | 8 |
| 5 | 9 | 6 | 8 | 2 | 7 | 1 | 4 | 3 |
| 1 | 2 | 8 | 4 | 9 | 3 | 5 | 6 | 7 |

Tuesday 03, March 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

## ડુંગરીમાં ૭ દિવસીય ક્રિકેટ ટુર્ના.નો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૨ :** પારડી તાલુકાના ડુંગરી ગામમાં આવેલ શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં આજરોજથી દક્ષિણ વિભાગ કોળી સમાજની યુવા પાંખ દ્વારા સાત દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટની ભવ્ય શરૂઆત કરવામાં આવી છે. ગરીબો માટે મદદ પહોંચાડવા અને દરેક સમાજ ઉપયોગી ચીજ વસ્તુઓ આપવા માટે યુવા પાંખ દ્વારા ટુર્નામેન્ટ આજે શરૂ કરવામાં આવી છે. અહીં ડુંગળી ગામના શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં વહેલી સવારના દક્ષિણ વિભાગ કોળી સમાજના પ્રમુખ હરીશભાઈ પટેલ, વાપી પાલિકાના વિરોધ પક્ષના માજી નેતા ખંડુભાઈ પટેલ, ભાજપ વાપી તાલુકા પ્રમુખ સમયભાઈ પટેલ, ઉમરગામ કોંગ્રેસ સમિતિ પ્રમુખ પ્રવેશભાઈ પટેલ, માજી જિલ્લા પંચાયત સદસ્ય ભાવિનભાઈ પટેલ સેલ્યુટ તિરંગાના અગ્રણી ઉત્તમભાઈ પટેલ ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ સહિત ટીમોના સ્પોન્સર અગ્રણીઓ સમાજના આગેવાનો અલગ-અલગ વિસ્તારોથી આવેલા વિશાળ સંખ્યામાં યુવા ખેલાડીઓ ભેગા થયા હતાં અને ગ્રાઉન્ડમાં પ્રવેશ કર્યા બાદ સર્વપ્રથમ ક્રિકેટ ટુર્નામેન્ટના મુખ્ય દાતા કિશનભાઈ પટેલ દ્વારા શ્રીફળ ફોડી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. બાળકોએ બલૂન છોડતા સુંદર દ્રશ્ય સર્જાયો હતો. બાદમાં રાષ્ટ્રગીત અને ટોચ કરવામાં આવ્યો હતો અને ટુર્નામેન્ટની ભવ્ય શરૂઆત થઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભવ્ય શરૂઆત કોમ્પ્યુટર રાજભાઈએ કરાવી હતી. સંચાલન ભાવેશભાઈ પટેલ અને તેજસભાઈ પટેલ સહિતના યુવાનોએ કર્યો હતો. આ ટુર્નામેન્ટ સાત દિવસ ચાલશે અને આવતા રવિવારે આ ટુર્નામેન્ટ નો ફાઈનલ મેચ રમવામાં આવશે.

## ધરમપુરમાં શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ધરમપુરના વ્યાસ તીર્થ ખાતે આજથી શ્રીમદ્ ભાગવત કથાનો પાવન પ્રારંભ થયો છે. ધાર્મિક વિશ્વમાં મહત્વ ધરાવતો આ કાર્યક્રમ આ વર્ષે વિશેષ કારણોસર વધુ ચર્ચામાં છે, કારણ કે વ્યાસ પીઠના ઈતિહાસમાં પહેલી વાર પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદા અને તેમના આત્મજ યુવા ભાગવતાચાર્ય પૂજ્ય આશિષભાઈ વ્યાસ એક જ વ્યાસ પીઠ પરથી સંયુક્ત ભાગવત કથા વાચન કરી રહ્યા છે. ધરમપુર અને આજુબાજુના વિસ્તારોમાં આ પ્રસંગને લગતું ઉત્સાહ સ્પષ્ટપણે અનુભવાઈ રહ્યું છે. સવારે ધર્મુદાદા પાર્કથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. ઢોલ નગાડાના તાલ સાથે શંખનાદ, હરિભક્તોના જયઘોષ અને સુશોભિત પાળખી દ્વારા પોથીયાત્રાએ શહેરમાં ભક્તિ અને ઉત્સાહનો અનોખો માહોલ સર્જ્યો હતો. પોથીયાત્રા વ્યાસ તીર્થ સુધી પહોંચતા ભક્તોની મોટી સંખ્યામાં જનમેદની સ્વાગત માટે ઉમટી પડ્યું હતું.

પોથીયાત્રા બાદ વ્યાસ પીઠ પર કથાનુ મંગલ પ્રારંભ થયો. શરદભાઈ વ્યાસ દાદાએ મંત્રોચ્ચાર સાથે કથાનો પ્રારંભ કર્યો અને શ્રીમદ્ ભાગવતના પવિત્ર શ્લોકોથી પવિત્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું.

દૈનિક કથા સવારે ૯:૩૦થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦થી ૬:૩૦ વાગ્યા સુધી યોજાશે. સાત દિવસ સુધી ચાલનારી આ કથામાં ભક્તિ, જ્ઞાન અને સંસ્કારના અમૃતમય પ્રસંગોનું વર્ણન થશે.

આ પાવન આયોજનના યજમાન અલકાબેન અને ભાવેશભાઈ ભીડે પરિવાર મુંબઈ તથા પાર્વતીબેન અને શિવગણભાઈ રામાણી પરિવાર બેંગલોર છે. ભાગવત કથામાં દેશના વિવિધ સ્થાનોથી તથા ધરમપુરનાં સ્થાનિક ભક્તો ઉમટી પડ્યા હતાં. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમિત ચોરેરા, નગરપાલિકા સભ્ય સમીપ રાંચ સહિતના મહાનુભાવો પોથી યાત્રામાં અને કથામાં જોડાયા હતા.

## નિકોલીમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા પ્રા. શાળાના મકાનનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૨ :** ઉમરગામ તાલુકાના નિકોલી ગામે નવનિર્મિત પ્રાથમિક શાળાના મકાનનું ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિત જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો તેમજ સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સવારે ૧૧ વાગ્યે ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે શાળાના નવા મકાનનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આમંત્રણ સ્વીકારી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ ભરતભાઈ જાદવ, જિલ્લા પંચાયત સભ્ય જીગ્નેશભાઈ મરોલીકર, તાલુકા પંચાયત પ્રમુખ લલીતાબેન દુમાડા તથા સભ્ય ધનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત મરોલી ગામના અગ્રણી અને સંગઠન ઉપપ્રમુખ ચિરાગભાઈ પટેલ, APMC સભ્ય વિજયભાઈ પાટકર, ધોડીપાડા સરપંચ મીનાબેન પાટકર અને ડિપ્યુટી સરપંચ સરિતાબેન સહિત અન્ય આગેવાનો અને ગામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. આ નવનિર્મિત શાળા મકાનથી વિસ્તારમાં શિક્ષણને નવી દિશા મળશે અને વિદ્યાર્થીઓને ઉત્તમ શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## વાપીની આર.કે.દેસાઈ એજયુ.માં વ્યાખ્યાન અને કાર્યશિબિર યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** આર.કે દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં તારીખ ૨૭ ફેબ્રુઆરીના દિવસેં નાટક અને કળૉ અંતર્ગત ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કાર પુરસ્કૃત નાટ્યકાર શ્રી સતિષભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું.સંસ્થાના પ્રિન્સિપાલ ડો. પ્રીતિબેન ચૌહાણ દ્વારા સતિષભાઈ દેસાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું અને ડો.રાહુલભાઈ ટંડેલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું. પ્રા. પિયુષભાઈ પટેલ દ્વારા સતિષભાઈ દેસાઈના પરિચયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સતિષભાઈ દેસાઈએ પોતાની આગવી શૈલીમાં કોલેજના તાલીમાર્થીઓ સમક્ષ નાટ્યકળાના તમામ પાસાઓની તલસ્પર્શી અને રસપ્રદ રજૂઆત કરી. કોલેજના તાલીમાર્થીઓએ પોતાના શેરી નાટકના દ્રશ્યો સતિષભાઈ દેસાઈ સમક્ષ રજૂ કર્યા જેમાં સતિષભાઈએ પોતાના અનુભવો દ્વારા કૃતિને આગવું સ્વરૂપ પ્રદાન કર્યું. વિરેન્દ્રભાઈ પવારે અદ્ભુત અભિનય સાથે માતૃભાષાની વ્યથાની પ્રસ્તુતિ દ્વારા એકપાત્રીય અભિનયનો ઉત્કૃષ્ટ નમૂનો રજૂ કર્યો.કાર્યક્રમના બીજા ભાગમાં સતિષભાઈએ પોતાની રાજ્યકક્ષાની અનેક એવોર્ડ વિજેતા કૃતિ આંતરમનની આરપારનું પીનલભાઈ દેસાઈ સાથે અવિસ્મરણીય સ્ક્રિપ્ટ વાંચન કર્યું. એક નાટ્યકારના મુખેથી જીવનના વિવિધ રસોથી તરબોળ અદભુત સ્ક્રિપ્ટ વાંચન સાંભળી તાલીમાર્થીઓ ભાવવિભોર થઈ ગયા. શિક્ષણ, જીવન અને નાટ્યકળાના વિવિધ રંગોથી આર.કે. દેસાઈ કોલેજ માટે આ દિવસ યાદગાર બની રહ્યો. સતિષભાઈ સાથે એમની ટીમ, મિત્ર પ્રકાશભાઈ વશી તેમજ સ્પંદન સંસ્થાના પ્રમુખ ચારૂશીલાબેનની ઉપસ્થિતિથી કાર્યક્રમની શોભામાં અનેકગણી અભિવૃદ્ધિ થઈ હતી. કાર્યક્રમના અંતે બી. એડ કોલેજના હેડ ડો.ગુંજન વશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન મીલન દેસાઈ અને કેમ્પસ ડાયરેક્ટર ડો.મિતલ શાહ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતાં.

### શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ સહકાર મિત્ર મંડળ અને સમસ્ત મહાકાળી મહિલા મંડળ દ્વારા આયોજીત

## વાપીની શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહમાં ભકતો ઉમટયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ સહકાર મિત્ર મંડળ અને સમસ્ત મહાકાળી મહિલા મંડળ દ્વારા મહાકાળી મંદિર ખાતે ભવ્ય શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ છવાયું હતું. ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કથાનો ધાર્મિક લાભ લીધો હતો. આ શુભ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજે મહાકાળી મંદિર ચોક ખાતે પૂજ્ય જયભાઈ જોશીને શાલ ઓઢાડી તેમનું ઉષ્માભર્યું સન્માન કર્યું હતું અને તેમના આશીર્વાદ મેળવ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન સમાજના આગેવાનો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેમાં હાર્દિક મહેતા (પ્રમુખ), રજત રાવલ (સેક્રેટરી), જાગૃત જાની (કોષાધ્યક્ષ), ડૉ. મિહિર ઉપાધ્યાય, હિરેનભાઈ ગોર, રજનીકાંત ભાઈ મહેતા (પૂર્વ પ્રમુખ), ચંદુભાઈ પંડ્યા (પૂર્વ પ્રમુખ) અને ચંદ્રકાંતભાઈ વ્યાસ (પૂર્વ પ્રમુખ)નો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ભવ્ય રીતે પૂર્ણ થયો હતો, જેના માટે આયોજન સમિતિએ તમામ સહયોગીઓનો આભાર માન્યો હતો.

## મરોલીમાં પ્રવેશ દ્વારનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૨ :** ઉમરગામ તાલુકાના મરોલી ખાતે સંધ્યા ગ્રુપ ઓફ કંપની દ્વારા પ્રવેશ દ્વારનો રૂપિયા ૨૫ લાખના કરશે નિર્માણ કરાયું. લોકાર્પણ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય રમણભાઈ પાટકર, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ, એસઆઈએ પ્રમુખ કૌશિકભાઈ પટેલ, મિલનભાઈ દેસાઈ, રાકેશભાઈ, ધોડીપાડા ગ્રામ પંચાયતના સરપંચ મીનાબેન, મરોલી ગ્રામ પંચાયતના સરપંચ ગ્રીષ્માબેન, એપીએમસીના ડિરેક્ટર વિજયભાઈ પાટકર, વિવિધ ગામોના સરપંચો, જિલ્લા તાલુકા પંચાયત સભ્યો સંધ્યા ગ્રુપ ઓફ કંપનીના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ઉમરગામ દરિયાકાંઠા વિસ્તારમાં સંધ્યા ગ્રુપ ઓફ કંપની દ્વારા અનેક સામાજિક કાર્યો થતાં જોવા મળે છે. મંચસ્થ સ્થાનેથી નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સંધ્યા ગ્રુપ ઓફ કંપનીની કામગીરીને બેસતાવી અભિનંદન પાઠવ્યા હતાં. જ્યારે ધારાસભ્ય રમણભાઈ પાટકર એ ઉમરગામ તાલુકામાં સંધ્યા ગ્રુપ ઓફ કંપની દ્વારા સર્કલનું નિર્માણ, વિવિધ ગામોમાં સ્વાગત ગેટનું નિર્માણ, સમાજના વયો વૃદ્ધને સંધ્યાબેન દ્વારા પૂરી પાડવામાં આવતી સહાયની નોંધ લઈ તેઓની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમના અંતે વિધિવત પ્રવેશ દ્વારનું નાણામંત્રી કનુભાઈ દેસાઈના તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

## ડાંગમાં પરંપરાગત હોલીકા દહન કરાયું



**સાપુતારા, તા.૦૨ :** ડાંગ જિલ્લામાં ઠેર ઠેર હોળી પ્રગટાવી ધાર્મિક પરંપરા મુજબ ઉજવણી કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના ૩૧૧ જેટલા ગામોમાં ઉત્સાહભેર હોળી પ્રગટાવી અસત્ય ઉપર સત્યની જીતની ઉજવણી કરવામાં આવી હતી.હોળીનો પર્વ એ અસત્ય ઉપર સત્યની જીતની ઉજવણીના ભાગરૂપે ઉજવાય છે. ત્યારે ડાંગ જિલ્લાનાં આહવા,સુબીર,વઘઈ ,સાપુતારા સહિત ૩૧૧ ગામોમાં ઠેર ઠેર હોળીકા દહન કરવામાં આવ્યુ હતુ.શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેરઠેર હોળીકા દહન કરવામા આવ્યુ હતુ.રાત્રીનાં અરસામાં ઢોલ, નગારા તેમજ બેન્ડવાજાના નાદ સાથે હોળી પ્રગટાવવામા આવી હતી.લોકોએ હોળીની પ્રદક્ષિણા કરી દર્શન કર્યા હતા. શ્રીફળ, ધાણી, ખજુર હોળીમા હોમી નાના બાળકોને પણ પ્રદક્ષિણા કરવામા આવી હતી. વિવિધ મંડળો અને ગ્રુપ દ્વારા વિવિધ વિસ્તારોમાં હોળીકા દહનનુ આયોજન કરવામા આવ્યુ હતુ.અને પરંપરાગત રીતે હોલિકા દહનમાં ધાણી, ખજૂર, શ્રીફળ, કંકુ - ચોખા વધાવી પૂજા વિધિ કરવામાં આવી હતી. તેમજ પરંપરાગત રીતે હોળીકા દહનમાં લાકડા, કપૂર, ગાયના મળ -મૂત્રથી બનેલ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## દમણમાં સ્ક્રેપ ડીલર વેરિફિકેશન અને બ્રીફિંગ ઝુંબેશ હાથ ધરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૨ :** મિલકત સંબંધિત ગુનાઓને અસરકારક રીતે નિયંત્રિત કરવા અને ચોરાયેલી ઔદ્યોગિક માલના નિકાલ માટે સ્ક્રેપ માર્કેટના દુરુપયોગને રોકવાના ઉદ્દેશ્ય સાથે, દમણ પોલીસે જિલ્લાભરના સ્ક્રેપ ડીલરો માટે એક ખાસ ચકાસણી અને જાગૃતિ ઝુંબેશ શરૂ કરી. પોલીસ અધિક્ષકના નિર્દેશન અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDPO)ના માર્ગદર્શન હેઠળ, જિલ્લાના પાંચેય પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરો (SHOs)એ સંયુક્ત રીતે પોતપોતાના વિસ્તારોમાં કાર્યરત સ્ક્રેપ ડીલરોની ચકાસણી કરી. આ



ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ચોરાયેલી મિલકતની ખરીદી અને વેચાણ અટકાવવાનો અને મિલકત સંબંધિત ગુનાઓમાં કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણીને દૂર કરવાનો હતો.

કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ અથવા સામગ્રીની તાત્કાલિક જાણ નજીકના પોલીસ સ્ટેશનને કરવા પણ કહેવામાં આવ્યું હતું.

આ ખાસ ઝુંબેશના ભાગ રૂપે, જિલ્લાના આશરે ૧૧૦ ભંગાર ડીલરોની ચકાસણી કરવામાં આવી હતી અને તેમને કાનૂની જોગવાઈઓ અને સલામતી માર્ગદર્શિકા વિશે માહિતી આપવામાં આવી હતી.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈણિક મહાસંઘ દ્વારા

## નાનાપોંઢામાં SIRની કામગીરી કરનાર BLOને વળતર રજા અંગે આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૨ :** નાનાપોંઢા તાલુકામાં SIR (Special Intensive Revision) કામગીરી દરમિયાન ફરજ બજાવનાર સહાયક BLO ને મળવાપાત્ર વળતર રજા અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મામલતદારને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તાલુકામાં ચૂંટણી સંબંધિત SIR કામગીરી રજાના દિવસોમાં યોજાઈ હતી, જેમાં સહાયક BLO એ નિયમિત ફરજ ઉપરાંત વધારાની જવાબદારી નિભાવી હતી.



આ બાબતને ગંભીરતાથી લઈ સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી કે રજાના દિવસોમાં કરેલી ફરજ બદલ સહાયક BLO ને નિયમ મુજબ વળતર રજા આપવામાં આવે. મામલતદારએ સંઘના પ્રતિનિધિમંડળને વિશ્વાસ આપ્યો કે સરકારના નિયમો મુજબ પાત્ર સહાયક BLO ને વળતર રજા આપવામાંઆવશેઅનેઆ અંગેયોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આવેદનપત્ર આપતી વેળાએ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વલસાડ મહામંત્રી રામુભાઈ જે. પટેલ, નાનાપોંઢા અધ્યક્ષ ડો. બાબુ ચૌધરી અને મહામંત્રી ગોવનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે શિક્ષક વર્ગ હંમેશા શૈક્ષણિક તેમજ શાસકીય કામગીરીમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપે છે, તેથી તેમની ન્યાયસંગત માંગણીઓને પ્રાથમિકતા આપવી જરૂરી છે. સંઘે આશા વ્યક્ત કરી કે પ્રશાસન દ્વારા સહાનુભૂતિપૂર્ણ અને ઝડપી નિર્ણય લેવામાં આવશે, જેથી શિક્ષકોમાં સંતોષની લાગણી જળવાઈ રહે અને તેઓ ભવિષ્યમાં પણ શાસકીય ફરજો નિષ્ઠાપૂર્વક બજાવતા રહે. આ રજૂઆતથી તાલુકાના શિક્ષક વર્ગમાં સકારાત્મક સંદેશો પહોંચ્યો છે અને વળતર રજા મુદ્દે ત્વરિત નિકાલની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## પારડીમાં ઠેર ઠેર હોલીકા દહન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૨ :** પારડીમાં આજરોજ કિલ્લાની તળેટીમાં આવેલ પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર ની સામે સૌથી મોટી હોળી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રગટાવવામાં આવી હતી પારડી સહિત ગામડાઓમાં હિન્દુ ધાર્મિક પરંપરા મુજબ હોળીની પહેલા પૂજા કરવામાં આવી હતી અને બાદમાં હોળી પ્રગટાવવામાં આવતા બહેનોએ પૂજાની સામગ્રી વડે પૂજા આરતી કરી હતી દરેક પ્રકારની સામગ્રી હોળીમાં ચડાવવામાં આવી હતી હોળીના મંગળ ફેરા ફરીને શુદ્ધ જળ વડે હોલિકા ની પૂજા કરવામાં આવી હતી દરેક ભક્તોએ માતા પાર્વતી મહાદેવ લક્ષ્મી માતા વિષ્ણુ



ભગવાન સરસ્વતી માતા પરમ પિતા બ્રહ્મદેવ પ્રથમ પૂજ્ય શ્રી ગણેશ ભગવાન સાથે તમામ દેવી-દેવતાઓની પૂજા કરી હતી જય જય કારા ગુંજી ઉઠ્યા હતા પારડી માં પ્રાચીન હોળી સર્વપ્રથમ વૈજનાથ મહાદેવ મંદિર પાસે પૂજારી હિતેશભાઈ રાવલે વિધિવાદ પૂજા પાઠ કરી પૂજામાં બેઠેલા દંપત્તિઓએ પૂજા કર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ અને શ્રી હોલિકા સેવા સમિતિ ના અગ્રણી કાર્યકર્તાઓએ આવનારા ભક્તોને વિધીવાદ પૂજા પાઠ કરાવ્યો હતો વિશાળ સંખ્યામાં પોલીસ બંદોબસ્ત સાથે બહેનોએ મંગળ ફેરા ફરી હોળીની પૂજા કરી હતી.

## બીલીમોરામાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલીકા દહન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૦૨** બીલીમોરા શહેરમાં અધર્મ પર ધર્મના વિજયના પર્વ હોળીની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. ગંગા માતા મંદિર પાછળ આવેલા ઐતિહાસિક હોળી ચોકમાં શાસ્ત્રોક્ત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલિકા પ્રજ્વલિત કરવામાં આવી હતી. વર્ષો જૂની પરંપરા મુજબ, અહીંથી જ મશાલ પ્રગટાવીને શહેરના અન્ય વિસ્તારો જેવા કે વાંકા મહોલ્લા, સ્ટેશન રોડ,સુભાષ ચોક અને એસ.વી. પટેલ રોડ પર હોળી પ્રગટાવવામાં આવી હતી. દર વર્ષની જેમ પર્યાવરણ



જાળવણીના સંદેશ સાથે રાવલનગર સોસાયટી તેમજ બીલીમોરા નગરપાલિકા અને હરિયાલી ગ્રુપ દ્વારા ગાયના છાણના ૧૦૦૦ નંગ છાણા, ગોબર સ્ટિક, ભીમસેની કપૂર અને જડીબુટ્ટીઓનો ઉપયોગ કરી વૈદિક હોળી -ગટાવી વાતાવરણમાં સકારાત્મક ઉર્જાનો સંચય કરવામાં આવ્યો હતો.હોળીના પવિત્ર અવસરે મોટી સંખ્યામાં નગરજનો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને હોલિકા માતાની પ્રદક્ષિણા કરી શ્રીફળ તથા ખજૂર હોમી આશીર્વાદ મેળવ્યા હતા. વિવિધ પ્રાંત અને સમુદાયોએ પોતપોતાની રીતે આસુરી શક્તિના નાશ અને દૈવી શક્તિના સન્માનના પ્રતીક રૂપે આ ઉત્સવ ઉજવ્યો હતો. આજે ચંદ્રગ્રહણની અસર હોવાથી લોકો આવતીકાલે બુધવારે રંગબેરંગી અબીલ-ગુલાલ સાથે મન મૂકીને ધુળેટી પર્વની ઉજવણી કરશે. શહેરભરમાં પ્રેમ અને એકતા ફેલાવતા આ ઉત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## વઘઈ-સાપુતારા સ્ટેટ હાઈવે પર બે ટેમ્પા વચ્ચે અકસ્માત

**સાપુતારા, તા.૦૨ :** ડાંગ જિલ્લાના પ્રવાસન ધામ સાપુતારાને જોડતા વઘઈ-સાપુતારા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. શિવારીમાળ ગામ નજીક આવેલા જોખમી વળાંકમાં બે આઈસર ટેમ્પો સામસામે ધડાકાભેર અથડાતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં બંને વાહનોના ચાલકો અને ક્લીનર સહિત કુલ ચાર વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર પાસિંગના બે માલવાહક આઈસર ટેમ્પો (નંબર MH-16 AE-5262 અને MH-04 LY-8030) વઘઈ-સાપુતારા માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. શિવારીમાળ ગામ પાસેના એક સાંકડા અને જોખમી વળાંક પર બંને ચાલકોએ વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે બંને આઈસર ટેમ્પો સામસામે ભયાનક રીતે ભટકાઈ પડ્યા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે બંને વાહનોના કેબિનના ભાગે ભારે નુકસાન થયું હતું.આ અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા.

# ઓ બસંતી પવન પાગલ...!

ખડૂસ હોય કે, ખખડેલો, વસંત ઋતુ સૌને ગમે..! ફૂલોના રંગબેરંગી કપડાં, પંખીઓના મીઠા ગીતો અને પવનની હળવી ઠંડક - બધું જ 'સ્ટાઈલિશ'માં જોઈને, વૃધ્ધાત્મા પણ ધોતિયા ખંખેરી ફાટેલા જીન્સમાં આવી જાય..! લાકડી વગર શરીર ટકે નહિ એટલે, બાકી લાકડીની જગ્યાએ ઠંડીમાં પણ 'સ્ટાઈલીશ' ચાઈના છત્રી લઈને ફરે એવાં..! બધું તાજું-નવું અને રંગીન પામવાની તમન્નામાં આવી જાય..! અમુક તો એવા વસંત-ઘેલા બની જાય કે, ફૂલના કુંડા પકડીને જાતે જ સેલ્ફીઓ લઈને 'સેલ્ફી' ઓ મુકીને યુવાનીનો ડોળ બતાવે..! 'દિલ માંગે મોર' મોર જેવું છે ભૈલા..! એકના એક ઉકરડા જોઈને ત્રાસેલી આંખોને ટાઢક આપવા તો વસંત ઋતુનું પ્રાગટ્ય થાય. એની કોમેન્ટ ચમનીયા..?

વસંત ઋતુ એટલે કુદરતનો પોતાનો ફેશન સ્ત્ર્રીરૂ..! મગજડું ખીલું-ખીલું થવા માંડે. કાગડાના કર્કશ અવાજો સાંભળીને સૂઉઉઉઉન મારી ગયેલા કાનોમાં કોયલના ટહુકા પડે, એટલે કાનની સર્વિસ થઇ જાય..! ચારેય બાજુ ફોરમનો પમરાટ પામીને, ભમરા જેવા ભમરા, 'બેગાની શાદીમે અબ્દુલ્લા દીવાના' ની જેમ, ભ્રમણ કરવા માંડે તો પાંચ ફૂટિયા માણસનો શું દોષ..? જેનામાં અજગર જેવી આળસાઈ છે, એ પણ 'રોમેન્ટિક' ઉર્જામાં આવી જાય. એની જાતને, 'જે થવાનું હોય તે થાય'' બોલીને, જાતે જ પીઠી ચોળીને સસરાનું સરનામું શોધવા લાગી જાય..! એને કહેવાય વસંત પંચમીનો પ્રકૃતિ-નાચ મામૂ..! આવા જ નાચમાં ચમનીયો ભેરવાય ગયેલો..! આજીવન લગન નહિ કરવાની ગાંઠ વાળેલી હોવા છતાં, વસંત ઋતુની બોલીવુડ છાંટ જોઈને ભીન્નાઈ ગયેલો. વડીલોને એમ કે, વસંત પંચમીનું મૂહર્ત પકડીએ તો મૂઆનો સંસાર અસાર નહિ થાય, ને કંસાર જેવો મધુરો રહે, એટલે 'ઓન' આપીને વસંત પંચમીનું સ્પેશ્યલ' મૂહર્ત કઢાવેલુ..! અને બિચારાએ પહેલી જ વાર લગન કરેલા..! (ઘણા તો લગને લગને પણ કુંવારા હોય..!) આજે ભગવાનની દયાથી પાંચ છોકરાનો બાપ છે. શંશય એને એ વાતનો છે કે, સારું છે કે, વસંત પંચમીએ લગન કરેલા એટલે પાંચ છોકરા થયા, દશેરાએ કર્યા હોત તો 'ક્રિકેટ ઈલેવન' ઉભી થઇ ગઈ હોત..! ઋતુ તો ઓસરી ગઈ, પણ વસંત પંચમીના 'પંચ' હજી એ સહન કરે છે બોલ્લો ..!

હવે, જ્યારે જ્યારે પંચાગમાં વસંત પંચમી આવે,ને પ્રકૃતિ કેસુડાંનાં ડોકા કાઢવા માંડે ત્યારે, એનામાં 'વસંતનો વાયરલ' ભરાય છે મામૂ..! લોકો તો ઊંઘમાં બકવાસ કરે ત્યારે એ જાગતો જ લવારે ચઢી જાય કે, ' ઓ બસંતી પવન પાગલ, જા તું જા હવે, ચાલી જા...!...! મને કહે, 'રમેશીયા..! આ ભગવાનનું મેં શું બગાડેલું કે, વસંત પંચમીનાં દિવસે જ મારા ગળામાં લગનનો ગાળિયો નાંખેલો..?' લગન વખતે તો ધંતુરા પણ કેસુડાં લાગેલા, હવે




તો ચારેય બાજુ ગાંડા બાવળીયા ને કાગડાઓના કર્કશ ઘોંઘાટ સંભળાય છે મામૂ..! ફાલુદામાં હિંગ ભળી ગઈ હોય એવું લાગે, ને નબળા ગ્રહો ને, નબળા ચોઘડિયા ઘોડેશ્વરી કરીને આવે છે બોલ્લો..! ભર વસંતે ભગવો પહેરવાની તાલાવેલી થાય છે..! optimism (આશાવાદ) અને pessimism (નિરાશાવાદ) બંને એક જ મંચ પરથી debate કરતા હોય એવું લાગે. .એક બાજુ રાહુ છીંકતો હોય, ને બીજી બાજુ કેતુ ખાંસતો હોય..! એમાં મારા ડુસકા પણ મંદ બની જાય..! વસંત પંચમી આવે ને. મરેલી ભેંસના ડોળાની માફક મારા આંખના દાબડા ઊંચા ચઢવા માંડે. કેસુડાં હવે મઘમઘતા નથી. કોયલોને બદલે ઘુવડ ઘુરુરુરુરુ કરે છે. જેમાંથી મરશિયા સંભળાતા હોય એવું લાગે..! એટલે તો ખૂણા પકડી ને આલોમ-વિલોમ કરું છું..! વસંતની મઘમઘતી રાતમાં મધુર મધુર સ્વપ્ના પણ આવતા, હવે માત્ર હેડંબાનાં હોંકારા સંભળાય છે.

૫૪ વર્ષ સુધી લગનનો ગાળિયો ગાળામાં રાખ્યા પછી, ચમનીયાને પહેલીવાર સ્વપ્નું આવ્યું, તે પણ વસંત પંચમીની મધરાતે..! પથારીમાંથી ઉભો થઈને બિચારો અડધી રાતે પોકે-પોકે રડવા લાગ્યો. બાજુમાં સુતેલી ચંચી ગભરાય ગઈ કે, નાથને થયું શું..? બોલી પણ ખરી કે, 'કેમ રડો છો પ્રેમ-નાથ..?' ચમનીયો કહે, 'એવું સ્વપ્નું આવ્યું કે, હું ઈમોશનલ થઇ ગયો..!' ચંચી કહે, ' આ ઉમરે સ્વપ્નું આવે તે તો સારું કહેવાય..! કોનું, મારું સ્વપ્નું આવ્યું હતુ..? ચમનીયો કહે, 'કોઈ પતિને એની પત્નીનું સ્વપનું આવે ખરું..?' જવાબ સાંભળીને ચંચીનો પાવર ઉંચો ચઢી ગયો. 'તો પછી કઈ હગલીનું સ્વપ્નું આવ્યું હતું..?' ચમનીયાએ ઊંડો શ્વાસ લઈને કહ્યું કે,' 'મારા બીજીવાર લગન થતા હતા.' ચંચી બોલી, 'ઓહહહ..! એ તો ખુશીની વાત છે, એમાં રડવાનું શું..? મારી સાથે જ થતા હતા ને..?' ત્યારે ચમનીયાએ ફોડ પાડ્યો કે, ' એ જ તો પ્રોબ્લેમ છે. બીજીવાર થયા, એ પણ તારી સાથે જ થયા..! એના કપાળમાં કાંદા ફોડું, આ સાંભળીને ચંચી એવી ઢળી પડી કે, અડધો કલાક સુધી ભાનમાં નહિ આવી..!

ગમે તે કહો, આ જગતમાં ત્રણ પ્રકારની પત્નીનું સામ્રાજ્ય છે..! ભૂતકાળી-ભવિષ્યકાળી અને વર્તમાનકાળી..! વાઈફ સાથે સહેજ જ વાંકુ પડે એટલે, વસંત ઋતુ ઓસરીને પાનખરમાં ફેરવાય જાય. સંસારની આખી સારેગમપધનીસા બદલી જાય..! શબ્દાવલીનાં સુર બદલાય જાય. એવી વંટોળે ચઢે કે, 'મારી સાથે બહુ હોંશિયારી તો મારતા જ નહિ હંકેકે..? તમારા આખા ખાનદાનને હું ઓળખું છું..! મૂઆ..કડવી વેલના બધાં જ કડવા..! આ તો મારા બાપાએ તમારા ગળે વળગાડી, બાકી તમારી ૭૧ પેઢીને હું ઓળખું..!' આને ભૂતકાળી વાઈફ કહેવાય. બીજી હોય, ભવિષ્યકાળી..! છંછેડાય એટલે ભવિષ્યવાણી કાઢે,, 'તમે તો રહેવાજ દેજો હંકેએએએ..? મારા જેવી વાઈફ તો તમને સાત જનમમાં પણ નહિ મળે..! ત્રીજી હોય, વર્તમાનકાળી..! એમનો એક જ તકિયા કલામ કે, 'તમારા ઘરમાં તો હું જ ટકી. પાડ માનો ભગવાનનો કે, મારા જેવી સીધી સાદી મળી. જો માથાભારી મળી હોત તો ક્યારની ટાલ પાડી ગઈ હોત..!' વિચાર એ વાતનો આવે કે, 'સીધી સાદી જો આટલી માથાભારી હોય તો, ખરેખર માથાભારી તો કેવીક રહેતી હશે..?

સચ્ચી બાત બોલું ક્યા..! પત્ની WIFIi જેવી હોય. WIFI દેખાય નહિ, પણ એકવાર કનેક્શન તૂટે, એટલે માંચડો હલાવી નાંખે. એક વાત છે, પતિ અને પત્ની ગમે એટલું ઝઘડે તો પણ એક સિક્કાની બે બાજુ જેવા..! બંને છાપ સારી હોય તો જ ચલણમાં ચાલે. બાકી ભર વસંતમાં જો રાહુ-કેતુ પગલાં પાડી જાય, તો વીંછીનાં ચટકાથી પણ અઘરા હોય મામૂ..! શાયર લખે છે એમ...

વો આશિક અપની મહેબૂબાકો બે પનાહ ચાહતા હૈ
લેકિન શાદીકે બાદ સિર્ફ વો પનાહ ચાહતા હૈ...!

પરણીને ઉખ્ખડ થયેલો કોઈ ઘાયલ જીવ, મહુડાના ઝાડવા નીચે બેસીને આવી કડી લલકારતો જોવા મળે તો, 'વાહ-વાહી' નહિ કરતા. બિચારાને વસંત પંચમીના 'પંચ' વધારે ચુવાગશે. ને 'પ્રણય-પાપ' લાગશે તે બોનસ..! (આ 'પ્રણય-પાપ' વાળું હમણાં નવા સેલીબર્સમાં આવ્યું છે, એટલે જુના ચોપડાં ફંફોળવા નહિ..!) સમય હોય તો એના વાંહે હાથ ફેરવાજો, ને એની વેદના સાંભળજો. ધરપત આપવાની કે, નાસીપાસ થવાથી અરમાનનું 'ડીમોલેશન' નહિ થાય. ગ્રહને ચોઘડિયા તો બદલાતા રહે. સંભવ છે કે, 'આંગળી ચિંધ્યાનું પુણ્ય' કદાચ લાધી જાય..! ને આટલું કરવાથી તમને પણ કદાચ '૧૦૦ ગાયોના દાન જેટલું પુણ્ય મળી જાય..!

### લાસ્ટ બોલ

ચમનીયો એની વાઈફને કહે, 'મારી સાથે બહુ માથાકૂટ કરતી જ નહિ, OK..? યાદ છે ને દશરથ રાજાને ૩ રાણી હતી. હજી મારે બે ની જગ્યા ખાલી છે..!'

ચંચી કહે, 'તો તમે પણ સાંભળી લો. દ્રૌપદીને પાંચ પતિ હતા. મારે પણ હજી ૩ ની જગ્યા ખાલી છે.

ચમનીયો કહે, 'શિઈઈઈઈટ..! આટલું બધું ગણિત કાચું? ૩ નહિ ૪ ની જગ્યા ખાલી છે એમ કહેવાય..!

ચંચી કહે, 'એ તો તમે એવું માનો છો..! બાકી, મારા હિસાબની તો મને જ ખબર હોય ને..? તારા કપાળમાં કાંદા ફોડું..!

# મોટા થવાની ઉતાવળ એ જીવનની સૌથી મોટી અને મીઠી ભૂલ હતી

## ખરેખર સાચો આનંદ તો એ નિશાળના રસ્તે અને બાળપણની ગલીઓમાં જ રહી ગયો !

જ્યારે આપણે નાના હતા, ત્યારે મોટા થવાની કેટલી અદમ્ય ઉતાવળ હતી! પપ્પાના મોટા બૂટમાં પગ ભરાવીને આખા ઘરમાં વટથી ફરવું, મમ્મીની સાડીનો છેડો પકડીને હવે હું મોટી થઈ ગઈ છું એવા ગર્વ સાથે ચાલવું, અને પેન્સિલ છોડીને પેનથી લખવાની એ તાલાવેલી-જાણે મોટું થવું એ કોઈ અદભૂત વિજય મેળવવા જેવું હતું. આપણને લાગતું હતું કે મોટા થઈશું એટલે કોઈ આપણને રોકવા-ટોકવા વાળું નહીં હોય, આપણી પાસે પોતાની મનગમતી નોકરી હશે, ખિસ્સામાં પોતાના પૈસા હશે અને આપણે જે ઈચ્છીએ તે કરી શકીશું. પણ આજે જ્યારે એ મોટા થવાના સ્ટેશન પર ગાડી આવીને ઉભી રહી છે અને જવાબદારીઓનો ભાર ખભા પર આવ્યો છે, ત્યારે પાછળ વળીને જોતા સમજાય છે કે એ ઉતાવળમાં આપણે કેટલું કિંમતી રત્ન ખોઈ બેઠા છીએ. નોકરી મેળવવાની ઘેલછામાં આપણે રાત-દિવસ એક કર્યા, ડિગ્રીઓ મેળવી, અસંખ્ય ઈન્ટરવ્યુ આપ્યા અને આખરે જ્યારે એ એપોઈન્ટમેન્ટ લેટર હાથમાં આવ્યો ત્યારે જે ક્ષણિક ખુશી થઈ હતી, તે થોડા જ સમયમાં ઓફિસના ટાર્ગેટ્સ, ડેડલાઈન્સ, બોસની કિટકિટ અને દર મહિનાની ૩૦ તારીખે પગારની રાહ જોતી થાકેલી આંખોમાં ફેરવાઈ ગઈ. આજે ખિસ્સામાં પૈસા તો છે, પણ એ પૈસાથી ખરીદેલી મોંઘી આઈસ્ક્રીમમાં પણ હવે એ સ્વાદ નથી રહ્યો જે બાળપણમાં પપ્પાએ અપાવેલી બે રૂપિયાની પેપ્સી કે બરફના ગોળામાં આવતો હતો.



બીલીમોરાનો પત્ર
અશોક જોષી, બીલીમોરા

નિશાળની એ દુનિયા ખરેખર અદભૂત હતી, જ્યાં સૌથી મોટી ચિંતા માત્ર અધૂરું હોમવર્ક કે ગણિતના દાખલાની હતી. આજે ઓફિસમાં મોટા પ્રેઝન્ટેશન આપતી વખતે જે ગભરાટ અને તણાવ અનુભવાય છે, તેના કરતા સ્કૂલની પ્રાર્થના સભામાં ગાતી વખતે કે સ્ટેજ પર જતા જે નિર્દોષ ડર હતો, તે કેટલો મધુર અને યાદગાર હતો. નિશાળની એ લાકડાની બેન્ચો, જ્યાં મિત્રો સાથે લંચબોક્સ વહેંચીને ખાતા હતા, તે આજે ફાઈવ સ્ટાર હોટલના આલીશાન લંચ કરતા પણ વધુ તૃપ્તિ આપતી હતી. રિસેસનો એ બેલ વાગતા જ જે રીતે આપણે મેદાન તરફ દોડતા, એવી દોડ હવે જીવનમાં ક્યાંય રહી નથી. આજે ઓફિસમાં લંચ બ્રેક તો મળે છે, પણ એમાં પણ કામની વાતો, ઈમેલ અને અસંતોષ જ વણાયેલા હોય છે. બાળપણમાં વરસાદનું પહેલું ટીપું પડતું ત્યારે મન નાચી ઉઠતું, કાગળની હોડીઓ બનતી અને પલળવાની સત્તાવાર પરવાનગી મળતી, જ્યારે આજે વરસાદ પડે ત્યારે ચિંતા થાય છે કે ટ્રાફિક નડશે, ઓફિસ કેવી રીતે પહોંચાશે અથવા મોંઘા કપડાં બગડશે. મોટા થયા પછી ખબર પડી કે આ દુનિયા કેટલી પ્રોફેશનલ અને સ્વાર્થી છે, અહીં લોકો હોદ્દો અને બેંક બેલેન્સ જોઈને સંબંધ રાખે છે, જ્યારે સ્કૂલમાં તો કોઈ ગરીબ નહોતું કે કોઈ અમીર નહોતું, ત્યાં તો બસ નિઃસ્વાર્થ મિત્રો હતા.

આપણે મોટા તો થઈ ગયા, પણ એ કિંમતે કે આપણે આપણી અંદરના એ જીવંત બાળકને ક્યાંક ઊંડે દબાવી દીધું છે. જે બાળક નાની એવી વાતમાં ખડખડાટ હસી પડતું હતું, જે પતંગિયા પાછળ કલાકો સુધી દોડતું હતું, તે આજે સોશિયલ મીડિયાના ખોટા દેખાડા અને લાઈક્સ ગણવામાં વ્યસ્ત થઈ ગયું છે. આપણે નોકરી અને કેરિયર પાછળ એટલા આંધળા થઈને દોડ્યા કે હવે થાક ઉતારવા માટે પણ આપણે મોંઘા વેકેશન પ્લાન કરવા પડે છે,જ્યારે બાળપણમાં તો આખું જીવન જ એક સતત ચાલતો ઉત્સવ હતો. જો આજે સમયનું ચક્ર પાછું ફરે, તો કદાચ આપણે બધા જ પેલા જૂના બૂટ, એ ફાટેલી દફતરની થેલી અને પેલી પાટલી પર બેસવા માટે બધું જ છોડીને દોડી જઈશું. મોટા થવામાં કદાચ સત્તા અને શક્તિ છે, પણ બાળપણમાં જે શાંતિ અને નિર્દોષતા હતી તે અનમોલ હતી. નોકરી આપણને સુખ-સુવિધાઓ અને ભૌતિક સાધનો આપી શકે છે, પણ સાચો અને હૃદયનો આનંદ તો એ નિશાળના રસ્તે અને બાળપણની ગલીઓમાં જ રહી ગયો છે. મિત્રો ખરેખર,મોટા થવાની ઉતાવળ એ જીવનની સૌથી મોટી અને મીઠી ભૂલ હતી.

# 'રંગ બરસે' વગર હોળીનાં તહેવારની મજા છે અધૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : હોળી આવતાં જ બોલિવૂડનાં સોન્ગ યાદ આવી જાય છે. બોલિવૂડનાં અનેક ગીતો એ હોળીનાં તહેવારની પરિભાષા બદલી દીધી છે. રંગ બરસે ભીગે ચુનરવાલી, રંગ બરસે...આ ગીત હોળીનાં દિવસોમાં ખાસ ફેમસ થઈ જાય છે. ૧૯૮૧ માં રિલીઝ થયેલી યશ ચોપરાની ફિલ્મ 'સિલસિલા' નું આ સોન્ગ આજે પણ હોળી પર લોકો ખાસ વગાડતા હોય છે. પરંતુ શું તમે જાણો છો આ હિટ ગીત અમિતાભ બચ્ચનનાં પિતા હરિવંશ રાય બચ્ચને લખ્યું હતું? આ સોન્ગની સૌથી મોટી ખાસિયત એ છે કે અમિતાભ બચ્ચને પોતે આ ગીતમાં અવાજ આપ્યો હતો. ગીતનાં શબ્દો અમિતાભ બચ્ચનનાં પિતા હરિવંશ રાય બચ્ચને લખ્યાં છે અને સાથે સંગીત શિવ-હરી (પંડિત શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયા) એ આપ્યું હતું. આ ગીત આજે પણ હોળીનાં તહેવાર પર વગાડીને લોકો ઉત્સવ મનાવતા હોય છે.આ વાત જાણીને તમને નવાઈ લાગશે કે આ ગીત અસલમાં રાજસ્થાનનાં લોક ભજન પર આધારિત છે. માનવામાં આવે છે કે આ ગીતની ધૂન અને બોલ મીરાનાં ભજનથી પ્રેરિત છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને રેખાએ પ્રેમીની ભૂમિકા નિભાવી હતી. આ કારણે તે સમયે અફવાઓએ જોર પકડ્યું હતું કે રિયલ લાઈફમાં પણ બન્નેની વચ્ચે કંઈક આવું જ હશે. આમ, હોળીનાં આ સોન્ગમાં બન્નેની કેમેસ્ટ્રી ગજબની જોવા મળે છે.'સિલસિલા' માં જયા અને રેખા પહેલીવાર સાથે સ્ક્રીન પર આવ્યા હતા. હોળી સીનમાં અમિતાભ રેખાને રંગ લગાવે છે, જયારે જયા (શોભા) પાસે ઊભી રહીને જુએ છે. આ સીન ફિલ્મની કહાનીનો હિસ્સો છે, પરંતુ રિયલ લાઈફમાં જયા માટે ભાવનાત્મક રીતે મુશ્કેલ સાબિત થયું હશે. રિપોર્ટ્સ અનુસાર આ સીન દરમિયાન જયા ચૂપચાપ આ બધું જોતી રહી હતી.રાજ કપૂરના આરકે સ્ટુડિયોની હોળી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફેમસ રહી છે, એ તો બધા જાણે છે. પરંતુ અહીં માત્ર હોળીની મજા જ ન હતી, પરંતુ અહીં ઘણા લોકોની કારકિર્દીને પણ સહારો મળ્યો હતો. અમિતાભ બચ્ચન પણ તેમાંથી એક છે. આરકે સ્ટુડિયોમાં હોળીની મસ્તી વચ્ચે ઘણા નવા કલાકારોને પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા દિગ્ગજ કલાકારો સામે તેમની પ્રતિભા બતાવવાનો મોકો મળ્યો હતો.

● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ●

# અમિતાભ બચ્ચનની રહસ્યમય ટ્વિટ પર ભડક્યા યુઝર્સ



## 'નૌટંકી બંધ કરો' કહીને સંભળાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨ :** બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચન પોતાની ફિલ્મોની સાથે સાથે સોશિયલ મીડિયા પરની અજીબોગરીબ પોસ્ટ માટે પણ જાણીતા છે. જોકે, હાલમાં જ તેમણે કરેલી એક ટૂંકી ટ્વિટને કારણે નેટિઝન્સનો પિત્તો ગયો છે. ૮૩ વર્ષીય બિગ બી અવારનવાર 'નંબર ગેમ' અને કોયડા જેવી વાતો લખતા હોય છે, પરંતુ આ વખતે યુઝર્સની ધીરજ ખૂટી હોવાની વાત કહી અભિનેતાને આડે હાથ લીધા હતા. સોશિયલ મીડિયા પર લોકો આ ટ્વિટને વર્તમાન વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિ સાથે જોડીને અલગ-અલગ અર્થ કાઢી રહ્યા છે. આજે અમિતાભ બચ્ચને પોતાના ઠ (ટ્વિટર) એકાઉન્ટ પર માત્ર એટલું લખ્યું કે- ''્ ૫૬૭૨ - હો ગયા.'' આ જોઈને લોકોએ સવાલોનો મારો ચલાવ્યો હતો. કેટલાક લોકોએ આ પોસ્ટને અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા સાથે જોડી દીધી હતી, તો કેટલાકે તેમની આ શૈલીનું નાટક ગણાવ્યું હતું. એક યુઝરે ગુસ્સામાં લખ્યું હતું કે ''હા, યુદ્ધ થઈ ગયું, હવે તમે ચૂપ રહો.'' તો અન્ય એકે સલાહ આપી કે સર, તમે આટલા મોટા કલાકાર છો, થોડું સેન્સિબલ ટ્વિટ કરો, નંબર ગેમ છોડી તમારા વિચાર સાંભળવા માંગીએ છીએ, આવું નાટક નહીં કરો. બિગ બીની આ પ્રકારની ટ્વિટ્સથી પરેશાન થયેલા યુઝર્સે તેમને પબ્લિક ફિગર તરીકેની જવાબદારી યાદ અપાવી હતી. લોકોનું કહેવું છે કે દુનિયા તેમને સાંભળવા માંગે છે, તેમના વિચારો જાણવા માંગે છે, નહીં કે આવા રહસ્યમય નંબરો. હદ તો ત્યારે થઈ જ્યારે એક યુઝરે અભિષેક બચ્ચનને ટેગ કરીને સલાહ આપી દીધી કે તેણે પોતાના પિતાને કોઈ સારા ડૉક્ટરને બતાવવા જોઈએ. યુઝર્સનો ગુસ્સો એ વાત પર વધુ છે કે અમિતાભ ક્યારેય યુવાનોને પ્રેરણા આપે તેવા સ્પષ્ટ વિચારો રજૂ કરતા નથી. અમિતાભ બચ્ચન હાલમાં પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ છ્હ'ના સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેમની સાથે પ્રભાસ અને કમલ હાસન જેવા દિગ્ગજ કલાકારો છે. રસપ્રદ વાત એ છે કે, આ સિક્વલમાં સાઈ પલ્લવીએ દીપિકા પાદુકોણને રિપ્લેસ કરી હોવાની ચર્ચા છે. તાજેતરમાં જ તેમણે 'કૌન બનેગા કરોડપતિ ૧૮'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. ૨૦૨૩ પછી ફેન્સ તેમને મોટા પડદે જોવા માટે આતુર છે, પરંતુ હાલમાં તો તેઓ ફિલ્મો કરતા પોતાની ટ્વિટ્સને કારણે વધુ ચર્ચામાં છે.

## યુએસ-ઈરાન તણાવ વચ્ચે

# અબુ ધાબીમાં ફસાઈ ઈશા ગુપ્તા




(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨ :** 'જન્નત' ૨ ફેમ અને એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ રવિવારે જણાવ્યું કે અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પર મિસાઈલ હુમલાઓ પછી વધેલા ે્જી-ઈરાન સંઘર્ષ વચ્ચે તેઓ હાલમાં સંયુક્ત આરબ અમીરાત ે(છઈ) ના અબુ ધાબીમાં સુરક્ષિત છે. તેણે કહ્યું કે વર્તમાન સમય ભયાવહ છે અને આશા વ્યક્ત કરી કે તે જલ્દી જ ભારત પાછા ફરશે. ઈશાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, ''જે પણ લોકો ખબરઅંતર પૂછી રહ્યા છે અને મેસેજ કરી રહ્યા છે, હું જવાબ ન આપવા બદલ માફી માંગુ છું. અમે ઠીક છીએ, અમે સુરક્ષિત છીએ. સમય ભયાવહ છે, ખૂબ મુશ્કેલ છે.''તેણે આગળ લખ્યું, ''ભગવાન આપણી રક્ષા માટે છે. વિશ્વાસ છે કે સંયુક્ત આરબ અમીરાતનું સંરક્ષણ મંત્રાલય લોકોની સુરક્ષા અને બચાવ માટે પોતાનું શ્રેષ્ઠ કરી રહ્યું છે. તમામ પ્રભાવિત લોકો માટે, જેઓ પણ ફસાયેલા છે, તેમની સુરક્ષા માટે સૌથી ઉપર પ્રાર્થના કરી રહી છું. આશા છે કે જલ્દી જ ઘરે પાછી ફરીશ.'' આ પહેલા શનિવારે તેમણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આકાશની તસવીર શેર કરીને ''અબુ ધાબી'' લખીને પોતાની લોકેશનની પુષ્ટિ કરી હતી. એક્ટ્રેસ સોનલ ચૌહાણે છઈ ના દુબઈમાં ફસાયેલી છે. તાજેતરમાં ઈરાને દુનિયાના ૮ દેશો પર હુમલો કર્યો છે, જેમાં દુબઈ પણ સામેલ છે. આ સ્થિતિમાં દુબઈની તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે, જેના કારણે એક્ટ્રેસ ભારત પાછી ફરી ન શકી. એક્ટ્રેસે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત પાછા ફરવા માટે મદદની અપીલ કરી હતી. 'જન્નત' ફેમ સોનલ ચૌહાણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા જણાવ્યું છે કે તે દુબઈમાં અસુરક્ષિત અનુભવી રહી છે અને જલ્દી ભારત પાછા ફરવા માંગે છે. સોનલે લખ્યું છે,માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, હું હાલમાં ચાલી રહેલા સંકટ વચ્ચે દુબઈમાં ફસાયેલી છું. ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે અને ભારત પાછા ફરવાનો કોઈ સ્પષ્ટ રસ્તો નથી.

# શનાયા કપૂરની નવી ફિલ્મનું ટાઈટલ જેકોબ કાર્ડોસો નક્કી થયું

## શનાયાની આ પહેલાંની 'આંખો કી ગુસ્તાખિયાં' તથા 'તુ યા મૈ' બંને ફિલ્મો નબળી સાબિત થઈ હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨ :** શનાયા કપૂરની નવી રોમાન્ટિક કોમેડી ફિલ્મનું ટાઈટલ 'જેકોબ કાર્ડોસો' નક્કી થયું છે. આ ફિલ્મમાં અભય વર્મા તેનો હિરો હશે. ફિલ્મમાં ૧૯૮૭નાં અરસાના ગોવાની વાત હશે. ફિલ્મનું શૂટિંગ ઓલરેડી પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે પોસ્ટ પ્રોડક્શનનું કામ શરુ થયું છે. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પણ ગોવામાં જ થયું છે. શુજાત સૌદાગરે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. ફિલ્મની રીલિઝ ડેટ હજુ નક્કી થઈ નથી. શનાયાની આ પહેલાંની 'આંખો કી ગુસ્તાખિયાં' તથા 'તુ યા મૈ' બંને ફિલ્મો નબળી સાબિત થઈ હતી. હવે તેની કારકિર્દીનો આધાર આ ફિલ્મ પર છે. બીજી તરફ 'મુંજયા'માં અભય વર્માનો રોલ વખણાયો હતો પરંતુ તે પછી તેની કારકિર્દી પણ ધાર્યા ટ્રેક પર આગળ વધી નથી.

# 'અક્ષય ખન્ના રણવીર સિંહથી મોટો સ્ટાર છે?': શોભા ડે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨ :** લેખિકા-કૉલમિસ્ટ શોભા ડે એ ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાના રોલને લઈને થઈ રહેલી હાઈપ પર પ્રશ્ન ઉઠાવ્યો છે. એક પોડકાસ્ટમાં તેમણે કહ્યું કે, અક્ષય ખન્નાના રોલ અને ડાન્સ મૂવ્સને ખૂબ જ વધારી-ચઢાવીને બતાવવામાં આવ્યા છે.શોભા ડે એ 'રેડિફ ઓરિજિનલ્સ પોડકાસ્ટ'માં ફિલ્મ વિશે પોતાનો અભિપ્રાય શેર કરતા કહ્યું, 'મને લાગ્યું કે જે પ્રકારનું વાતાવરણ બનાવવામાં આવ્યું હતું, તે થોડું મેનિપ્યુલેટિવ હતું. એવું બતાવવામાં આવ્યું જાણે અક્ષય ખન્ના રણવીર કરતાં મોટા સ્ટાર હોય અને તેમણે આખી ફિલ્મને પોતાના દમ પર સંભાળી લીધી હોય. તેમના ડાન્સને પણ ખાસ રીતે રજૂ કરવામાં આવ્યો. જોકે ડાન્સ ખરેખર શાનદાર હતો અને વાયરલ પણ થયો, પરંતુ તેને જે રીતે પ્રમોટ કરવામાં આવ્યો, તે સમજી-વિચારીને બનાવેલી રણનીતિ જેવું લાગ્યું.'ત્યાં જ, જયારે પોડકાસ્ટમાં ફિલ્મ 'ધુરંધર'ને લઈને જ્યારે હૃતિક રોશનના નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો, જેમાં તેણે કહ્યું હતું કે, તેને ફિલ્મ પસંદ આવી, પરંતુ તે તેની રાજનીતિથી સહમત નથી. શોભા ડે એ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી.તેમણે કહ્યું કે, 'કોઈએ હૃતિકને પૂછ્યું ન હતું કે તે ફિલ્મના રાજકારણ સાથે સહમત છે કે નહીં. તેમના મતે, આ તેમની પોતાની પસંદગી હતી કે તેમણે આ પાસા પર ટિપ્પણી કરી.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# વલસાડના અતુલ વિંગ ઓવરબ્રીજની ડિઝાઈનથી વાહનચાલકો મુંઝવણમાં

## વલસાડ બ્રિજની શરૂઆત (ચઢાણ) સમયે રસ્તો પહોળો અને સુવિધાજનક પરંતુ જેમ જેમ વાહન આગળ વધે છે તેમ વશીયર તરફનો રસ્તો સાંકડો થઈ જાય છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા. ૦૨ :** વલસાડ શહેર અને આસપાસના વિસ્તારના લોકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતાં. તે રેલવે ઓવરબ્રિજ (LC-૯૮) ટીયર-૨, ફેઝ-૧ હેઠળનો અતુલ વિંગ ઓવરબ્રિજ આખરે વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયો છે. જોકે, આ બ્રિજ શરૂ થતાની સાથે જ તેની અજીબ ડિઝાઈન અને રસ્તાની પહોળાઈને લઈને અનેક સવાલો ઉભા થયા છે.

આગળથી પહોળો, પાછળથી સાંકડોં એન્જિનિયરિંગ કે આયોજનની ખામી બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકોના જણાવ્યા મુજબ, વલસાડ બ્રિજની શરૂઆત (ચઢાણ) સમયે રસ્તો ઘણો પહોળો અને સુવિધાજનક લાગે છે. પરંતુ જેમ જેમ વાહન આગળ વધે છે તેમ બ્રિજનો પાછળનો હિસ્સો વશીયર તરફ નો એકાએક સાંકડો થઈ જાય છે.

બ્રિજ સાંકડો થવાને કારણે પીક અવર્સમાં વાહનોની લાંબી કતાર લાગવાની શક્યતા છે. પહોળા રસ્તા પરથી ફૂલ સ્પીડમાં આવતા વાહનો જ્યારે અચાનક સાંકડા રસ્તા પર પહોંચે ત્યારે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. બ્રિજ ઉતરતી વખતે રસ્તો સાંકડો હોવાથી ત્યાં વાહનોનો ભરાવો થવો સ્વાભાવિક છે, જે બ્રિજ બનાવવાનો મુખ્ય હેતુ (ટ્રાફિક નિવારણ) જ ખોરવી શકે છે.

સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં એવી ચર્ચા છે કે ફેઝ-૧ નું કામ તો પૂરું થયું, પણ શું પાછળના ભાગને પહોળો કરવા માટે પૂરતું આયોજન કરવામાં આવ્યું હતું? કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ જો સામાન્ય જનતા માટે મુસીબત બને, તો તેની ડિઝાઈન પર ગંભીર સવાલો ઉઠે તે સ્વાભાવિક છે.

બ્રિજ બન્યો એ સારી વાત છે, પણ આગળથી ચાર ગાડી ચાલી શકે એટલી જગ્યા હોય અને પાછળ જતાં રસ્તો સાંકડો થઈ જાય, તો ટ્રાફિક તો ત્યાં જ અટકવાનો છે. તંત્રએ આ અંગે વિચારવું જોઈતું હતું. હવે જોવાનું એ રહેશે કે તંત્ર ફેઝ-૨માં આ સમસ્યાનું કોઈ નિરાકરણ લાવે છે કે પછી વલસાડવાસીઓએ આ સાંકડા-પહોળા રસ્તા સાથે જ સમાધાન કરવું પડશે.

# વલસાડવાસીઓ હોળી અને ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી માટે તૈયાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં હોળી અને ધૂળેટીના પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારો જેવા કે તિથલ રોડ, હાલર, છીપવાડ અને આઝાદ ચોક સહિત આજુબાજુના વિસ્તારોમાં ઠેર-ઠેર હોલિકા દહન માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

બજારોમાં પિચકારીઓ, પ્રાકૃતિક રંગો અને હારડા-પતાસાની ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. વિવિધ સોસાયટીઓ, મંડળો શેરી, મોહલ્લા ગામમાં દ્વારા ધૂળેટી નિમિત્તે રેઈન ડાન્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા પણ તહેવાર દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે.

# વલસાડનું મોરારજી દેસાઈ મ્યુઝિયમ ખંડેર બન્યું

## કરોડોના ખર્ચે બનેલા મ્યુઝિયમમાં પ્રોજેકટરો અને ડીજીટલ સ્ક્રીનો ધૂળ ખાઈ રહી છે : દીવાલોના પોપડા ઉખડી રહ્યા છે : મ્યુઝિયમની આજુબાજુ ગંદકીનું પ્રમાણ વધ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** ભારતના પૂર્વ વડાપ્રધાન અને વલસાડના પનોતા પુત્ર સ્વ. મોરારજીભાઈ દેસાઈની સ્મૃતિને જીવંત રાખવા માટે વલસાડ નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલું મ્યુઝિયમ આજે જાળવણીના અભાવે ખંડેર હાલતમાં ફેરવાઈ રહ્યું છે. લોકોના ટેક્સના કરોડો રૂપિયા ખર્ચીને તૈયાર કરવામાં આવેલો આ પ્રોજેક્ટ હાલ તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો બની ગયો છે.

વર્ષ ૨૦૧૫માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ ડિજિટલ મ્યુઝિયમ અને ઓડિટોરિયમનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આશરે ૩ કરોડના ખર્ચે બનેલા આ મ્યુઝિયમમાં મોરારજીભાઈના જીવન પ્રસંગો અને તેમની વસ્તુઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમયે એવી આશા હતી કે આ સ્થળ વલસાડ માટે એક નવું આકર્ષણ બનશે. પરંતુ થોડા જ સમયમાં પાલિકાની ઉદાસીનતાને કારણે આ મ્યુઝિયમને તાળા લાગી ગયા હતાં. ગંદકી અને ખંડેરનું






સામ્રાજ્ય હાલમાં આ મ્યુઝિયમની હાલત અત્યંત દયનીય છે. લાખોના ખર્ચે વસાવવામાં આવેલા પ્રોજેક્ટર અને ડિજિટલ સ્ક્રીનો ધૂળ ખાઈ રહ્યા છે. મ્યુઝિયમની છત અને દીવાલોમાંથી પોપડા ઉખડી રહ્યા છે અને ચોમાસામાં પાણી ટપકવાની સમસ્યા પણ જોવા મળે છે. જાળવણીના અભાવે અને મ્યુઝિયમ બંધ રહેતા આસપાસના વિસ્તારમાં ગંદકી વધી છે અને રાત્રિના સમયે અસામાજિક તત્વોનો જમાવડો થતો હોવાની ફરિયાદો ઉઠી છે.વલસાડના જાગૃત નાગરિકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો નગરપાલિકા આ મ્યુઝિયમ ચલાવી શકતી ન હોય તો કરોડોનો ખર્ચ કેમ કરવામાં આવ્યો ? એક મહાન વિભૂતિના નામ સાથે જોડાયેલું આ સ્મારક અપમાનજનક સ્થિતિમાં છે. જે વલસાડના શાસકો માટે શરમજનક બાબત છે. નગરપાલિકાના સત્તાધીશો આ મ્યુઝિયમને ફરી કાર્યરત કરવા માટે ક્યારે જાગશે કે પછી આ ભવન કાયમ માટે ખંડેર બની રહેશે તે તો આવનારો સમય જ કહેશે.

# વલસાડમાં શ્રી કચ્છી ભાનુશાલી વાડીનું લોકાર્પણ કરાશે

## તા. ૧૯ થી ૨૫ માર્ચ સુધી વાલરામજી પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ અને ભાગવત કથા જ્ઞાનયજ્ઞ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ ધરમપુર હાઈવે પર આવેલ કચ્છી સમાજ હોલ પરિસરમાં તા.૧૯થી ૨૫ માર્ચ ૨૦૨૬ સમૂહ શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ, વાલરામજી પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ, નવનિર્મિત શ્રી કચ્છી ભાનુશાલી વાડી (ઓધવ ભવન)નાં લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

શ્રી અખીલ ભારતીય ઓધવ પ્રેમીઓ દ્વારા વલસાડ કથા સ્થળે તા. ૧૯-૦૩-૨૦૨૬થી તા.૨૫-૦૩-૨૦૨૬ સુધી સમૂહ શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ એવમ્ સદગુરુ ભગવાન શ્રી વાલરામજી પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ, નવનિર્મિત શ્રી કચ્છી ભાનુશાલી વાડી (ઓધવ ભવન)નાં લોકાર્પણ જેવા કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજય સંત શ્રી હરિદાસજી મહારાજની પ્રેરણાથી શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ, વલસાડ તથા હરિઓમ પરિવાર એવમ્ શ્રી અખીલ ભારતીય ઓધવ પ્રેમીઓ દ્વારા ગુજરાતની પાવન ધરા વલસાડ વૈકુંઠધામ મધ્યે ગુરૂવાર તા.૧૯-૦૩-૨૦૨૬થી ચૈત્ર સુદ સાતમને બુધવાર તા.૨૫-૦૩-૨૦૨૬ સુધી ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસના વ્યાસપીઠાસને સમૂહ શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ (૩૦૬ પોથી) એવમ્ ચૈત્ર સુદ ચોથને રવિવાર તા. ૨૨-૦૩-૨૦૨૬ના શુભ દિને સદગુરુ ભગવાન શ્રી વાલરામજી પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ એવમ્ નવનિર્મિત શ્રી કચ્છી ભાનુશાલી વાડી (ઓધવ ભવન)નાં લોકાર્પણ જેવા કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડ તા.૧૯થી ૨૫ માર્ચ ૨૦૨- ત્રિવેણી મહોત્સાવ છે. આશિર્વચન પ્રેરણા સ્રોત પ.પૂ. સંતશ્રી હરિદાસજી મહારાજ શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞન પ્રમુખ આચાર્ય દિપકભાઈ ખરાશંકર પંડયા - કચ્છ અંજાર હાલે મુલુંડ, જગદીશ -શાદ ચમોલી - હરિદ્વાર લાલુ મહારાજ ઉપાધ્યાય - વલસાડ વ્યાસપીઠ શરદભાઈ વ્યાસ (દાદા) (ધરમપુર-વલસાડવાળા) બીરાજશે સમૂહ શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ નો ભક્તો ને લાભ લેવા જણાવ્યું છે.

# ઊંટડીની શાંતાબેન વિદ્યાભવનનું ગૌરવ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વડોદરામાં ગુજરાતી ભાષાના વિકાસ માટે કાર્યરત રંગ સાહિત્ય સર્જન પરિવારના મોભી ગણાતા ભાષા તજજ્ઞ લેખિકા જયશ્રીબેન પટેલ (દાદીશા)ની અધ્યક્ષતામાં વડોદરામાં ગુજરાતી ભાષાના સર્જકો (લેખકો) માટે એક મોટા સન્માન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. વલસાડના રહેવાસી, શાંતાબેન વિદ્યાભવનના પ્રાથમિક વિભાગના આચાર્યા અને અભય ઉપનામથી ભાષા લેખન દ્વારા ૧૧ પુસ્તકો લખીને સાહિત્ય સર્જનમાં ફાળો આપનાર ભાવનાબેન મિસ્ત્રીનું શાલ ઓઢાડીને, સર્ટીફીકેટ તથા મોમેન્ટો અર્પણ કરીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. વડોદરામાં લેખક તરીકે સન્માન મેળવીને ભાવનાબેન મિસ્ત્રીએ ઊંટડીની શાંતાબેન વિદ્યાભવનનું ગૌરવ વધાર્યું છે.

# વલસાડમાં રૂા. ૭ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ હોવા છતાં રસ્તાઓની કામગીરીમાં વિલંબ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ શહેરમાં રસ્તાઓના રિફ્રેશિંગ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હોવા છતાં શહેરના મુખ્ય અને રહેણાંક વિસ્તારોના રસ્તાઓ હાલમાં અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. સાત કરોડ જેવી માતબર રકમ મંજૂર થવા છતાં કામગીરીમાં વિલંબ થતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જો આગામી દિવસોમાં કામગીરી શરૂ નહીં થાય તો જનતા દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. વલસાડ શહેરમાં રસ્તાઓના રિફ્રેશિંગ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હોવા છતાં શહેરના મુખ્ય અને રહેણાંક વિસ્તારોના રસ્તાઓ હાલમાં અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. સાત કરોડ જેવી માતબર રકમ મંજૂર થવા છતાં કામગીરીમાં વિલંબ થતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.વલસાડ નગરપાલિકા દ્વારા રસ્તાઓના નવીનીકરણ માટે સાત કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જોકે, આ રકમ કાગળ પર મંજૂર થઈ ગઈ છે પણ રસ્તા પર તેનો અમલ દેખાતો નથી. વલસાડના અનેક વિસ્તારોમાં ખાડાઓનું સામ્રાજ્ય ફેલાયેલું છે, જેના કારણે અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો છે. શહેરના તરિયાવાડ અને છીપવાડ વિસ્તારમાં મુખ્યરસ્તા સાંકડી ગલીઓ અને ઉખડી ગયેલા ડામરને કારણે રહિશો પરેશાન, એમ.જી. રોડ અને શાકભાજી માર્કેટે શહેરનું મુખ્ય વ્યાપારી કેન્દ્ર હોવા છતાં અહીં કાદવ અને ખાડાઓને કારણે ગ્રાહકો અને વેપારીઓને મુશ્કેલી પડી રહી છે. મોગરાવાડી અને ધોબી તળાવ આ વિસ્તારોમાં રસ્તાઓનું ધોવાણ થઈ જવાથી વાહનો ચલાવવા મુશ્કેલ બન્યા છે.

ધનભૂરા રોડના રસ્તાઓ પર પડેલા બિસ્માર રસ્તાથી વાહનચાલકોની કમર તોડી રહ્યા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, જ્યારે ગ્રાન્ટ મંજૂર થઈ ચૂકી છે, તો કામ શરૂ કરવામાં કેમ વિલંબ કરવામાં આવે છે . માર્કેટ વિસ્તારમાં આવતા લોકોએ જણાવ્યું કે ખાડાઓને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. ગર્ભવતી મહિલાઓ અને વૃદ્ધો માટે આ રસ્તાઓ પર મુસાફરી કરવી જોખમી બની ગઈ છે. નગરપાલિકા વહેલી તકે આ ગ્રાન્ટનો સદુપયોગ કરી યુદ્ધના ધોરણે રસ્તાનું કામ શરૂ કરે તેવી માંગ ઉઠી છે. જો આગામી દિવસોમાં કામગીરી શરૂ નહીં થાય તો જનતા દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વલસાડ એસ.ટી ડેપોમાં મુસાફરોને સ્વચ્છતા જાળવવા અપીલ કરાઈ

## વલસાડ એસ.ટી તંત્ર દ્વારા એસ.ટી પરિસરમાં ગંદકી કરનાર સામે કાર્યવાહી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ એસ.ટી તંત્ર દ્વારા ગુજરાત સરકારના ‘‘સ્વચ્છતા હી સેવા’’ અભિયાન અંતર્ગત બસ સ્ટેશન અને બસની અંદર મુસાફરો દ્વારા ગંદકી ન કરવા અને એસ.ટી વિભાગને સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી છે. તેમ છતાંય ઘણા મુસાફરો અને લોકો દ્વારા બસ સ્ટેશન અને બસની અંદર ગંદકી કરવામાં આવે છે. આવા મુસાફરો અને ગંદકી કરનારા સામે એસટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે. વલસાડ એસ.ટી ડેપોના મેનજરના જણાવ્યાં અનુસાર, દેશના વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા ઝૂંબેશ ચલાવવામાં આવે છે ત્યારે આપણે પણ સૌ લોકો સ્વચ્છતા ઝૂંબેશમાં જોડાઈએ અને ગંદકી ના કરીએ. તેઓ મુસાફર જનતાને અપીલ કરતાં જણાવે છે કે, બસ સ્ટેન્ડના પરિસરમાં કચરો ન નાખવા તેમજ કચરાપેટીનો ઉપયોગ કરવા માટે પોસ્ટરો પણ બસ સ્ટેન્ડ ઉપર લગાવામાં આવ્યા છે. ત્યારે કચરો કચરાં પેટીમાં જ નાખવાનો આગ્રહ રાખીએ, તેમજ બસની અંદર પણ કચરા પેટી મૂકવામાં આવી છે. ત્યારે તેનો ઉપયોગ કરીએ અને બસમાં તેમજ બસ સ્ટેન્ડના પરિસરમાં જ્યાં ત્યાં કચરો ન ફેંકવા અને હંમેશા કચરો કચરા પેટીમાં જ ઉપયોગ કરીએ.

વધુમાં જો મુસાફરો દ્વારા ગમે ત્યાં કચરો ફેંકવામાં આવશે તો તેના ઉપર કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ ડેપો મેનેજર દ્વારા કરવામાં આવી છે.

# વલસાડ કોઠારી જૈન ઉપાશ્રયમાં ધર્મસભા મળી

## બીજાના દોષો જોવાને બદલે જાતનાં દોષો જોવા માટે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે : જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડમાં મોટાબજારમાં આવેલ કોઠારી જૈન ઉપાશ્રય ખાતે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પાવન પધરામણી કરી ત્રણ દિવસની રોકાઈ આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજની નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજીએ શ્રોતાઓને જણાવ્યું હતું કે કામ કરનારાઓને આગળ કરી પ્રશંસા કરો. અત્યારે તો ખોટા માણસો યશ અને પ્રશંસા માટે આગળ આવી રહ્યા છે. સારા માણસો હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. મહારાજે કહ્યું કે, બીજાના દોષો જોવાને બદલે જાતનાં દોષો જોવા માટે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. માનવજીવનને મુઠ્ઠી ઊંચેરું બનાવવા માટે મોરલ, એટીટ્યુડ, ઓનર, એપ્રીસીએટ, વિઝન, ઈન્ટ્રોસ્પેકશન અને રિલેક્સ થવું જરૂરી છે. મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓએ ભારતદેશની આગવી સંસ્કૃતિ છે. કાળના સપાટામાં મૂલ્યા દિત્રિકનો સફાયો થઈ રહ્યો છે. દુશ્મનને પણ દોસ્ત બનાવવો હશે તો વર્તન અને વ્યવહારમાં બદલાવ લાવવો પડશે. પરાયાને પોતાના બનાવવા માટે માન-સન્માન અને સ્વમાન જળવાવા જોઈએ. પ્રશંસા તો સહુને વહાલી હોય છે.

અંદર જે છે તે બહાર નથી. જો તમારે જીવનમાં સર્વક્ષેત્રે રિલેક્સ થવું હોય તો બીજાને રિસ્પેક્ટ આપતા શીખો. સુખી થવા માટે સંતુષ્ટ બનો. મારે કાંઈ જોઈતુ નથી.

મને પ્રભુએ ખૂબ આપ્યું છે એવું વિચારો તો તમે સૌથી સુખી છો. આત્મસંપ્રેક્ષણા જેવો કોઈ ધર્મ નથી અને આત્મવંચના જેવો કોઈ અધર્મ નથી. બહારની દુનિયાને જોવાને બદલે અંદરની દુનિયાને જોવાનું શરૂ કરો.

# વલસાડની શાહ કોમર્સ કોલેજમાં કમ્પ્યુટર સર્ટિફિકેટ વિતરણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજના કોમ્પ્યુટર સેન્ટર દ્વારા ભવ્ય સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ CCC તથા Accounts Assistant કોમ્પ્યુટર કોર્ષના સર્ટિફિકેટ પ્રાપ્ત કરી પોતાની મહેનતનું ગૌરવ અનુભવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ CA Ravi Gohel ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને એકાઉન્ટની સાયકલને શાસ્ત્ર અને શસ્ત્રના ઉત્તમ ઉદાહરણ દ્વારા સરળ અને પ્રભાવશાળી રીતે સમજાવી. સાથે સાથે આધુનિક એકાઉન્ટિંગસોફ્ટવેર અને ટેલી અંગે તાજી માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ દુનિયામાં સફળ થવા જરૂરી સ્કિલ્સ અંગે માર્ગદર્શન આપ્યું. તેમણે જણાવ્યું કે માત્ર પ્રમાણપત્ર મેળવવું પૂરતું નથી. પરંતુ જ્ઞાનને પ્રયોગમાં મૂકવાની ક્ષમતા વિકસાવવી જરૂરી છે. ટેલી સોફ્ટવેર શીખતી વખતે પ્રેક્ટિકલ વિચારધારા અપનાવવા અને વ્યવહારિક સમજ વિકસાવવાની ખાસ સૂચનાઓ આપી. પોતાના સંબોધનમાં તેમણે ગૌરવ સાથે જણાવ્યું કે તેમની કારકિર્દીની શરૂઆત પણ આ જકોલેજના કોમ્પ્યુટર સેન્ટરથી થઈ હતી.

કોલેજ દ્વારા આમંત્રણ આપવા બદલ તેમણે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચાંપાનેરીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઈ. પ્રિ. ચાંપાનેરીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. વિદ્યાર્થીઓમાં મોહમ્મદ વાસીક, શૈલી મિસ્ત્રી, ક્રીતિકા યાદવ, રાખી ઠાકુર અને ધ્રુવી પ્રજાપતિએ પોતાના પ્રતિભાવો આપી તેમણે ફેકલ્ટી હેલીબેન પાઠકનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સુંદર અને સંયોજિત સંચાલન ટીસા ગજ્જર અને ધ્રુવી પ્રજાપતિએ કર્યું હતું.

અંતમાં આભારવિધિ કોમ્પ્યુટર સેન્ટર હેડ હેલીબેન પાઠકે આટોપી સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો .

# વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસો. દ્વારા મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ચેમ્પિયનશિપ રમાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** ટેનિસ બોલ ક્રિકેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા જે ખેલ મંત્રાલય દ્વારા માન્યતા પ્રાપ્ત ફેડરેશન છે જેના સંલગ્ન ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશનના નેજા હેઠળ વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા પ્રથમ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું તારીખ ૦૮/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વલસાડના તમામ તાલુકાની મહિલા ટીમોને ટુર્નામેન્ટમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે, ટુર્નામેન્ટમા વિજેતા થનાર ટીમને ટ્રોફી, મેડલ અને પ્રમાપત્રથી સન્માનિત કરવામાં આવશે અને રાજ્ય કક્ષાની હરીફાઈમાં ભાગ લેવાની તક મળશે,જ્યારે ભાગ લેનાર તમામ મહિલા ખેલાડીઓને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે, ટૂર્નામેન્ટમા ભાગ લેવા માટે જિલ્લા કોઓર્ડીનેટર નિલેશ કોસીયા કેયુરભાઈ પટેલ તાલુકા ઓર્ડીનેટર વલસાડ સોનલબેન પટેલ, પારડી અશોકભાઈ ટંડેલ, વાપી જીતેન્દ્ર રાઠોડ શીતલબેન ત્રિગોત્રા, ઉમરગામ યોગેશભાઈ મહેર ધરમપુર અશ્વિનભાઈ બસ્તા કપરાડા સંજયભાઈ રાઉત, નાના પોંઢા જે.બી. પટેલનો સંપર્ક કરવા જણાવવા આવ્યું છે.

# હાલરની શ્રીમદ ભાગવત કથામાં ભક્તો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ હાલર રોડ પર ચાલી રહેલી યુવા કથાકાર દર્શનભાઈ જોષીની ભાગવત કથામાં કથાકાર પ્રફુલભાઈ શુક્લએ હાજરી આપી હતી. સાથે યુવા કથાકાર કશ્યપભાઈ જાની અને પંકજભાઈ જોષી સહભાગી બન્યા હતાં. આશીર્વાદ આપતા પ્રફુલભાઈ શુક્લએ કહ્યું હતું કે દર્શનભાઈ જોષી જેવા યુવા કથાકારોએ ભાગવત વ્યાસ પીઠ સંભાળી છે ત્યારથી સનાતન ધર્મ અને ભગવદ કથાની પરમ્પરા જળવાઈ



રહી છે. નાની ઉંમરમાં દર્શનભાઈ જોષીએ શ્રીમદ ભાગવત પર પ્રભુત્વ મેળવ્યું છે. હજુ વધારે ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શ્રી હરિને પ્રાર્થના છે. દર્શનભાઈની આ ભાગવત કથામાં યુવા કથાકાર આશિષભાઈ વ્યાસ, ભરતભાઈ વ્યાસ, મિતેશભાઈ જોષી, પાર્થ જોષી, ઑમ જાની, ભાશીન દેસાઈ, હર્ષદભાઈ કટારીયા સહીત મહાનુભાવો પધારીને શુભકામના પાઠવી હતી. યુવા કથાકાર દર્શનભાઈ જોષી આગામી દિવસોમાં સેંગવીમાં રાધાકૃષ્ણ સતસન્ગ અને તિથલમાં હનુમંત કથા કરશે દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત કથાકાર દેવુભાઈ જોષીના જયેષ્ઠ પુત્ર દર્શનભાઈ જોષીની ભાગવત કથા વલસાડ હાલરમાં રંગ જમાવી રહી છે. ભાગવત કથાને ભાવ વિભોર વાતાવરણમાં વિરામ અપાઈ રહ્યો છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 03, March 2026


## કેજરીવાલને ક્લીનચીટ પછીનું રાષ્ટ્રીય રાજકરણ અલગ હશે

દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને ભ્રષ્ટાચાર - વિરોધી - આમ આદમી પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ, એમના સાથી પૂર્વ નાયબ મુખ્યપ્રધાન સિસોદિયા અને અન્ય એકવીસ વ્યક્તિને શરાબની જકાતનીતિના ભ્રષ્ટાચાર કેસમાં દિલ્હીની અદાલતે નિર્દોષ જાહેર કરીને ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપરાંત કોંગ્રેસ નેતાઓને મોટો આઘાત આપ્યો છે! કેજરીવાલ આરોપમુક્ત થયા, પણ સીબીઆઈ અને ઈડી સામે વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ ઉપર ગંભીર આક્ષેપ થયા છે. કેજરીવાલને કાનૂની અદાલતે કટ્ટર ઈમાનદાર ઠરાવ્યા પછી હવે તેઓ જનતાની અદાલતનો ચુકાદો માગવા તત્પર છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી નવેસરથી કરાવવાની માગણી કરી છે, પણ એમની નજર ગુજરાત ઉપર છે ગુજરાતમાં મોદી અને અમિત શાહને પડકારવા માગે છે. કોંગ્રેસના નેતા કહે છે કે, ભાજપ અને કેજરીવાલનું કાવતરું કોંગ્રેસ સામે છે! સીબીઆઈ હાઈકોર્ટમાં અપીલ કરે અને કદાચ ફાવે તો પણ જનતાની લોકઅદાલતનો ચુકાદો અલગ હોઈ શકે છે. હવે તમામ રાજકીય પક્ષો - વિશેષ કરીને ભાજપ સામે કેજરીવાલના ડબલ એન્જિનનો પડકાર હશે. કાનૂની અદાલત અને લોકઅદાલત. હવે રાષ્ટ્રીય રાજકારણ અલગ હશે. અણ્ણા હઝારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પછી અરવિંદ કેજરીવાલે દેશભરમાં ભ્રષ્ટાચાર વિરોધી નેતાનું સમ્માન મેળવીને સત્તાના રાજકારણમાં સ્થાપિત રાજકીય પક્ષો સામે ગંભીર પડકાર ફેંક્યો હતો. વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની માત્ર ત્રણ બેઠક ભાજપને મળી હતી અને ૨૦૨૦માં માત્ર આઠ બેઠક મળ્યા પછી ભાજપની નેતાગીરી સફાળી ચોંકી ગઈ હતી. આ પડકાર તમામ - ચીલાચાલુ રાજકીય પક્ષોને હતો, પણ ભારતીય જનતા પક્ષે - ૨૦૧૪માં કોંગ્રેસને સત્તાભ્રષ્ટ કરીને દેશભરમાં જબરદસ્ત લોકપ્રિયતા મેળવી હતી અને એક જ વર્ષમાં - ૨૦૧૫માં દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ નામના નવા નિશાળિયાએ ભાજપને કારમો આઘાત આપ્યો. દિલ્હીમાં દાયકાઓ સુધી રાજ કરનાર કોંગ્રેસ માટે તો કોઈ આશા જ રહી નહોતી. ભાજપ સહિત કોંગ્રેસને પણ આશા ન હતી - કેજરીવાલને ચૂંટણીનાં રણમેદાનમાં પરાસ્ત કરવાની! સૌ માટે ભવિષ્યનો સવાલ હતો ત્યારે કોંગ્રેસના -દેશિક નેતાએ શરાબનીતિમાં હૈદરાબાદના કેટલાક શખ્સો સાથે ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ કર્યો અને ભાજપે આ મુદ્દો ઉઠાવી લીધો. સીબીઆઈ દ્વારા તપાસ શરૂ થઈ અને એક રાજ્યના મુખ્ય-ધાન જેલવાસ ભોગવતા થયા. જેલમાં રહીને એમણે પત્નીને બોલાવીને સૂચનાઓ આપી અને સરકારી ફાઈલો ઉપર સહી પણ કરી તેથી નવો વિવાદ શરૂ થયો કે એમણે રાજીનામું આપવું જોઈએ. આખરે જેલમાંથી છૂટયા, પણ સરકારી કાર્યાલયમાં નહીં જવાની, ફાઈલો ઉપર સહી નહીં કરવાની શરત હતી. ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કરનાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ થયા પછી આરોપ થયા અને ભ્રષ્ટાચારનાં નામે ચૂંટણીમાં સત્તાભ્રષ્ટ પણ થયા. આમ છતાં દિલ્હીથી દૂર પંજાબમાં આમ આદમી પાર્ટીએ સત્તા મેળવી અને કોંગ્રેસ ઉપરાંત અકાલી દળને પણ સત્તાથી દૂર રાખ્યા. હવે દિલ્હીની નીચલી અદાલતે એમને માન-મરતબા સાથે મુક્ત કર્યા પછી એમણે કટ્ટર ઈમાનદાર હોવાનો દાવો કર્યો છે. કોર્ટના ચુકાદા પછી હવે આપ અને કેજરીવાલ દેશભરમાં યાત્રા કરશે.

## ખામેનેઈના મોત પર જમ્મુ-કાશ્મીરમાં હિંસક પ્રદર્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ, તા.૨ : અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોતની અસર છેક ભારત સુધી પહોંચી ગઈ છે. સાવચેતીના ભાગરૂપે જમ્મુ-કાશ્મીરમાં તમામ જિલ્લાઓમાં પ્રતિબંધ હોવા છતાં ખામેનેઈની હત્યાના વિરોધમાં ત્યાં છેલ્લા બે દિવસથી બંધ અને પ્રદર્શનો ચાલી રહ્યા છે. આ દેખાવો વધુ ઉગ્ર ન બને અને કોઈ મોટી સમસ્યા ઉભી ન થાય તેને ધ્યાને રાખીને પોલીસે ભીડને વિખેરવા ટીયર ગેસના સેલ છોડ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

ખામેનેઈના મોતનો વિરોધ કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં રવિવાર બાદ સોમવારે પણ બંધ પાડવામાં આવ્યો છે, જેના કારણે ખીણમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અનેક સ્થળોએ મનાઈ હુકમનું ઉલ્લંઘન કરી પ્રદર્શનો યોજાયા હતા, જેને અટકાવવા માટે પોલીસ અને અર્ધસૈન્ય દળોએ બળપ્રયોગ કરવો પડ્યો છે. જમ્મુ-કાશ્મીર સતત બે દિવસ સુધી બંધની અસર માર્કેટ, પરિવહન અને ઓફિસો પર જોવા મળી છે.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભડકો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨
ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષે વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ મિડલ ઈસ્ટમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે, જેની સીધી અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર જોવા મળી રહી છે. માત્ર એક ઝાટકે ક્રૂડ ઓઈલની કિંમતોમાં 12 ટકાનો મોટો ઉછાળો નોંધાયો છે.આ સંઘર્ષની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડી છે. બ્રેન્ટ ક્રૂડ, જે શુક્રવારે પ્રતિ બેરલ 72 ડોલરના સાત મહિનાના ઉચ્ચતમ સ્તરે બંધ થયું હતું અને 2026ના પહેલા બે મહિનામાં લગભગ 19 ટકા વધ્યું હતું, તે હવે 12 ટકા વધીને 80 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે.યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) પણ 8 ટકા વધ્યો, જે પ્રતિ બેરલ 70 ડોલરના સ્તરને વટાવી ગયો. ઈરાન પર ઈઝરાયલી હુમલાના પહેલા 12 દિવસ પછી, ગયા વર્ષના જૂન પછી પહેલી વાર બ્રેન્ટ ક્રૂડ 80 ડોલરની ઉપર પહોંચી ગયું.

## સાઉદીમાં દુનિયાની મોટી ઓઈલ કંપની અરામકો ઉપર ડ્રોન એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)
રિયાદ, તા.૨ : મધ્ય પૂર્વમાં વકરી રહેલા યુદ્ધની ભયાનક અસર હવે વૈશ્વિક ઊર્જા બજાર પર જોવા મળી રહી છે, જ્યાં ઈરાન દ્વારા સાઉદી અરેબિયાની સરકારી તેલ કંપની અરામકોની રાસ તનુરા રિફાઈનરી પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલાને પગલે સાવચેતીના ભાગરૂપે રિફાઈનરી બંધ કરી દેવાતા દુનિયાભરમાં ઊર્જા સંકટ તોળાઈ રહ્યું છે, જેના કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતોમાં ૯.૩૨%નો તોતિંગ વધારો થયો છે.

વિશ્વના ૨૦% ઓઈલ સપ્લાયના માર્ગ સમાન હોર્મુઝની સામુદ્રધુનીમાં શિપિંગ સેવાઓ ખોરવાઈ જતાં ક્રૂડ ઓઈલના ભાવ છેલ્લા ચાર વર્ષની સર્વોચ્ચ સપાટીએ એટલે કે બેરલ દીઠ ૮૦ ડોલર સુધી પહોંચી ગયા છે. આ સ્થિતિ જો લાંબો સમય ચાલુ રહેશે તો આંતરરાષ્ટ્રીય સ્તરે મોંઘવારીમાં ઉછાળો આવે તેવી ભીતિ છે.

# ભારતને યૂરેનિયમ આપશે કેનેડા

### બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે : વેપારને $50 બિલિયન સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો



### પીએમ મોદી અને પીએમ કાર્નીની મુલાકાત દરમિયાન અનેક કરાર પર થયા હસ્તાક્ષર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ સોમવારે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર થયા. બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચે સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે. હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટેક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અહીં માથાદીઠ આવકનો વિકાસ એવો રહ્યો છે જે ઈતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો છે. કેનેડા તમારા આ જ ઉત્સાહ અને હેતુની ભાવનાને શેર કરે છે. મને લાગે છે કે આ નવા યુગમાં સફળતાનો માર્ગ ૨૦૨૩માં તમારા G20 અધ્યક્ષપદના વિષય 'One Earth, One Family, One Future' માં સારી રીતે દર્શાવવામાં આવ્યો છે, કારણ કે આપણા સમયના પડકારોને કોઈ પણ દેશ એકલો ઉકેલી શકતો નથી.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા એક વર્ષમાં કેનેડા અને ભારતની સરકારો વચ્ચે જે સંવાદ થયો છે, તે છેલ્લા બે દાયકામાં થયેલા તમામ સંવાદો કરતા વધુ છે. આ માત્ર સંબંધોનું નવીકરણ નથી, પરંતુ નવા ઉત્સાહ, ધ્યાન અને દૂરદર્શિતા સાથે એક મૂલ્યવાન ભાગીદારીનો વિસ્તાર છે. આ બે આત્મવિશ્વાસુ દેશો વચ્ચેની ભાગીદારી છે, જેઓ પોતાના ભવિષ્યની દિશા પોતે નક્કી કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે વિશ્વમાં ચાલી રહેલા અનેક તણાવો પર ભારતનું વલણ સ્પષ્ટ છે. અમે હંમેશા શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની વાત કરતા રહ્યા છીએ, અને જ્યારે બે લોકશાહી દેશો સાથે ઉભા રહે છે, ત્યારે શાંતિનો અવાજ વધુ મજબૂત બને છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ આપણા માટે ઊંડી ચિંતાનો વિષય છે. ભારત તમામ વિવાદોને સંવાદ અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવાનું સમર્થન કરે છે અને ક્ષેત્રમાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ દેશો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેનેડા ભારત માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. અમે તેમના ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશનમાં ડાયલોગ પાર્ટનર બનવામાં રસ દાખવવા બદલ સ્વાગત કરીએ છીએ, જેનાથી આપણા દરિયાઈ સહયોગમાં નવી ઊંડાઈ આવશે. તેમણે કહ્યું કે આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ માત્ર બંને દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ગંભીર અને સમાન પડકાર છે. તેમની સામેનો આપણો ગાઢ સહયોગ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણા સંબંધોની સૌથી મોટી તાકાત લોકો વચ્ચેનું જોડાણ છે. આજે અમે તેને વધુ મજબૂત કરવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આરોગ્ય, કૃષિ અને ઈનોવેશનના ક્ષેત્રોમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, કેનેડિયન યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં કેમ્પસ ખોલવા પર પણ સહમતિ બની છે. આદિવાસી અને જનજાતીય સમુદાય આપણી સમાન સાંસ્કૃતિક વિરાસતનો મહત્વપૂર્ણ હિસ્સો છે. બંને પક્ષો વચ્ચે આજે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા માટે એક MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ઈન્ડિયા-કેનેડા પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને સંબંધોની પરિપક્વતાનું પ્રતીક છે. બંને દેશો સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ ક્ષેત્રની દેખરેખ અને સૈન્ય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે. આ હેતુથી આજે ઈન્ડિયા-કેનેડા ડિફેન્સ ડાયલોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

CAMECO ના અધ્યક્ષ ટિમ ગિટ્ઝેલ અને કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકે પરમાણુ ઉર્જા વિભાગ અને CAMECO વચ્ચે યુરેનિયમ અયસ્ક પુરવઠા કરારના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

પીએમ મોદીએ કહ્યું, આજે સાઈન કરવામાં આવેલા ક્રિટિકલ મિનરલ્સ પરના MoU થી સપ્લાય ચેઈનની મજબૂતી વધશે. અવકાશ ક્ષેત્રમાં અમે બંને દેશોના સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને જોડીશું. ઉર્જા ક્ષેત્રમાં અમે આગલા સ્તરની ભાગીદારી બનાવી રહ્યા છીએ, જેમાં હાઈડ્રોકાર્બન્સ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ઉર્જા સંગ્રહ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, અમે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સ્વાભાવિક ભાગીદાર છીએ. ભારત-કેનેડા ઈનોવેશન પાર્ટનરશિપ હેઠળ અમે નવા વિચારોને વૈશ્વિક ઉકેલોમાં બદલીશું. હું વડાપ્રધાન કાર્નીનો આભાર માનું છું કે તેમણે ગયા મહિને ભારતમાં આયોજિત AI ઈમ્પેક્ટ સમિટની સફળતામાં કેનેડાનું મહત્વનું યોગદાન આપ્યું. અમે AIની સાથે સાથે ક્વોન્ટમ, સુપર કોમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર્સમાં સહયોગ વધારીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અમને ખુશી છે કે કેનેડાએ આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં સામેલ થવાનો નિર્ણય લીધો છે. આપણા સહિયારા પ્રયાસોને આગળ વધારવા માટે અમે આ વર્ષે ભારત-કેનેડા રિન્યુએબલ એનર્જી એન્ડ સ્ટોરેજ સમિટનું આયોજન કરીશું. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં અમે લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. અમે સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર પણ સાથે કામ કરીશું.

### ઈરાન પર હુમલા બાદ ભારતમાં હિંસા ફાટી નિકળવાની આશંકા

## ગૃહ મંત્રાલયે તમામ રાજ્યોને આપી ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : ઈરાનના સર્વોચ્ચ નેતાના મૃત્યુ બાદ, ગૃહ મંત્રાલયે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા ચેતવણી જારી કરી છે, જેમાં રાજ્યોને દૂતાવાસો પર સુરક્ષા વધારવા અને સંભવિત આતંકવાદી ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્યોને પત્ર લખીને ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલાને પગલે ભારતમાં સંભવિત હિંસા અંગે ચેતવણી આપી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ પ્રસારિત થયેલા આ પત્રમાં રાજ્યોને "ઈરાન તરફી કટ્ટરપંથી ઉપદેશકોને ઓળખવા" કહેવામાં આવ્યું છે જે ભડકાઉ ઉપદેશ આપી રહ્યા છે.ગૃહ મંત્રાલયે ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ સંભવિત હિંસા અને છૂટાછવાયા વિરોધ પ્રદર્શનો અંગે દેશભરના વિવિધ રાજ્યોને ચેતવણી જારી કરી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાની નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા બાદ દેશભરમાં ફાટી નીકળેલા શિયા સમુદાયના વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને આ ચેતવણી આપવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ ભારતની આંતરિક સુરક્ષાને અસર કરી શકે છે, અને સુરક્ષા એજન્સીઓએ ઉચ્ચ ચેતવણી પર રહેવું જોઈએ.

રાજ્યોને મોકલવામાં આવેલા સૂચનોમાં તેમને ઈરાન તરફી અને ઈરાન વિરોધી જૂથોની પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખવા વિનંતી કરવામાં આવી છે. ખાસ કરીને, ઈરાની, યુએસ અને ઈઝરાયલી દૂતાવાસો અને કોન્સ્યુલેટની આસપાસ સુરક્ષા પગલાં કડક કરવામાં આવ્યા છે.ગૃહ મંત્રાલયે શિયા લશ્કર તેમજ ઈસ્લામિક સ્ટેટ અને અલ-કાયદા જેવા આતંકવાદી સંગઠનો દ્વારા ઉભા થયેલા સંભવિત જોખમો તરફ પણ ધ્યાન દોર્યું છે. ગુપ્ત માહિતી સૂચવે છે કે આતંકવાદી જૂથો આ તણાવપૂર્ણ વાતાવરણનો ઉપયોગ કરીને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે.

## ટ્રમ્પનો વાટાઘાટોનો દાવો અને ઈરાનનો સ્પષ્ટ ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૨ : અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે રાજદ્વારી મોરચે પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા વડા અલી લારીજાની વચ્ચે વાટાઘાટોને લઈને વિરોધાભાસી નિવેદનો સામે આવ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે ઈરાનનું નવું નેતૃત્વ તેમની સાથે વાતચીત કરવા ઈચ્છે છે અને તેઓ પણ આ માટે સહમત થયા છે. જોકે, ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા વડા અલી લારીજાનીએ સોમવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "અમે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટો કરીશું નહીં." લારીજાનીનું આ નિવેદન ટ્રમ્પના દાવાને સીધે સીધું નકારે છે અને બંને દેશો વચ્ચેની તિરાડ વધુ સ્પષ્ટ કરે છે.ફ્લોરિડા સ્થિત પોતાના નિવાસસ્થાનેથી ધ એટલાન્ટિક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનના નેતાઓએ વહેલી તકે સંપર્ક કરવો જોઈતો હતો. તેમણે ઉમેર્યું કે, "તેઓ હવે વાત કરવા માંગે છે અને હું પણ તૈયાર છું, પરંતુ તેમણે આ કામ ઘણું વહેલું કરી લેવું જોઈતું હતું. તેઓએ ઘણો લાંબો સમય રાહ જોઈ છે અને હવે રમત તેમના માટે અઘરી બની ગઈ છે." ટ્રમ્પે એવો પણ ઉલ્લેખ કર્યો કે અગાઉ વાટાઘાટોમાં સામેલ ઘણા લોકો હવે હયાત નથી, જે ઈરાન પરના તાજેતરના સૈન્ય હુમલાઓ તરફ ઈશારો કરે છે.

## ઈઝરાયેલ-USના સૈન્ય ઠેકાણાં પર હુમલા ચાલુ રાખીશું:ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૨
ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈના મૃત્યુ બાદ રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને દેશવાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ઈરાન ઈઝરાયેલ અને અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ પર 'આકરા હુમલા ચાલુ રાખશે'. તેમણે ઈરાનની સરકારી ટેલિવિઝન પર આપેલા નિવેદનમાં ભારપૂર્વક કહ્યું કે દેશ સુપ્રીમ લીડરના પગલે ચાલવા કટિબદ્ધ છે અને ઈરાની સેના દુશ્મનોના મિલિટરી બેઝને તબાહ કરવાનું ચાલુ રાખશે.આ દરમિયાન, ઈરાનના સમર્થનમાં ઉતરેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે, એક સાર્વભૌમ દેશમાં નેતાની જાહેરમાં હત્યા કરવી તે સંપૂર્ણપણે ખોટું છે. ચીને તાત્કાલિક સીઝફાયર અને પ્રાદેશિક સંઘર્ષ રોકવા માટે વાતચીત શરૂ કરવા અપીલ કરી છે. જ્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પેઝેશ્કિયનને શોક સંદેશ પાઠવતા આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવીય નૈતિકતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

પુતિને ખામેનેઈને એક મહાન નેતા તરીકે યાદ કરતા કહ્યું કે રશિયા અને ઈરાનના સંબંધો મજબૂત કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે.તહેરાનમાં થયેલા આ હુમલા બાદ ઈરાનમાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે અને સંરક્ષણ મંત્રાલયે 'વળતા પ્રહાર'ની તૈયારીઓ તેજ કરી દીધી છે. રાજકીય વિશ્લેષકોના મતે, રશિયા અને ચીનનું ખુલ્લું સમર્થન પશ્ચિમ એશિયામાં એક નવું સૈન્ય ધ્રુવીકરણ સર્જી શકે છે, જેની સીધી અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલના પુરવઠા પર પડવાની ભીતિ છે. ખાસ કરીને હોર્મુઝની ખાડીમાં વધતી હિલચાલને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. બીજી તરફ, અમેરિકાએ તેના દૂતાવાસોને હાઈ એલર્ટ પર રાખ્યા છે અને ઈઝરાયેલે સરહદો પર સુરક્ષા અભેદ્ય બનાવી દીધી છે.

## પાક.માં અમેરિકાની એમ્બેસી પર હુમલા બાદ ૩પના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) લાહોર, તા.૨ : ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈના મોતના સમાચાર બાદ પાકિસ્તાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા હુમલામાં ખામેનેઈના મૃત્યુના વિરોધમાં પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક પ્રદર્શનો શરૂ થયા છે. ખાસ કરીને કરાચી, લાહોર અને સ્કારદુ જેવા શહેરોમાં દેખાવકારોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૩પ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. કરાચીમાં શિયા સંગઠનોએ અમેરિકન કોન્સ્યુલેટ પાસે તોડફોડ અને આગજની કરી હતી, જેને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યો હતો અને જવાબી કાર્યવાહી કરવી પડી હતી.

કરાચીમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની હિંસક અથડામણમાં ૧૬ લોકોના મોત થતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે.

આ ઉપરાંત સ્કારદુમાં દેખાવકારોએ અમેરિકન ઓફિસને આગ ચાંપી દેતા ૭ લોકોના જીવ ગયા છે, જ્યારે ઈસ્લામાબાદ અને ગિલગિટમાં પણ હિંસાના કારણે અનેક મોત નોંધાયા છે. પરિસ્થિતિને જોતા કરાચી પ્રશાસને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત સખત કરી દીધો છે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસે પણ લોકોને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ન જવા માટે ચેતવણી આપી છે.

### ૯૦ લાખ ભારતીયો પર તોળાઈ રહ્યું છે સંકટ

## મોદીએ ઈઝરાયેલી PM, UAEના રાષ્ટ્રપતિ સાથે કરી વાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : મીડિલ ઈસ્ટ હાલ ભડકે બળ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલે કરેલા હુમલાઓ બાદ ઈરાન આઉટ ઓફ કંટ્રોલ થઈ ગયું છે કારણ કે તેના સુપ્રીમ લીડર ખામેનેઈ સહિત ૪૦થી વધુ ધૂરંધર નેતાઓના મોત થયા છે. ઈરાને ઈઝરાયેલ ઉપરાંત અમેરિકાના સાથી એવા ૭થી વધુ દેશો પર હુમલા કર્યા છે. અત્રે જણાવવાનું કે ખાડી દેશોમાં ભારતીયોની સંખ્યા પણ ખુબ વધુ છે. આશરે ૯૦ લાખથી વધુ ભારતીયો ખાડી દેશોમાં કામ કરે છે. ત્યારે આ ભારતીયોની સુરક્ષા પણ ખતરામાં પડી છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પીએમ મોદીએ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ અંગે જાણકારી આપી અને કહ્યું કે ભારત આ વધતા તણાવ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અંગે ખુબ ચિંતિત છે. પીએમ મોદીની આ પહેલ સુરક્ષા મામલાઓની કેબિનેટ સમિતિની બેઠક બાદ સામે આવી છે. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, અને એનએસએ અજીત ડોભાલ જેવા દિગ્ગજ હાજર હતા. ભારતની સૌથી મોટી ચિંતા ખાડી દેશોમાં રહેતા ૯૦ લાખથી વધુ ભારતીયોની સુરક્ષા અને હોર્મૂઝ જલરસ્તો છે. કારણ કે ત્યાંથી થઈને ક્રૂડ ઓઈલ ભારત આવે છે.

મળતી માહિતી મુજબ પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. તેમણે સ્થિત પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે નાગરિકોની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે સમગ્ર મિડલ ઈસ્ટમાં જલદી હિંસા થોભે તેના પર ભાર મૂક્યો. અત્રે જણાવવાનું કે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મોત બાદ સ્થિતિ ખુબ બગડી છે.

અત્રે જણાવવાનું કે અધિકારીઓએ રવિવારે પુષ્ટિ કરી કે છેલ્લા બે દિવસમાં સંયુક્ત આરબ અમીરાતમાં થયેલા ઈરાની હુમલાઓમાં ૩ લોકોના મોત થયા છે અને એક ભારતીય સહિત ૫૮ લોકો ઘાયલ થયા છે.

## 'એક મહિનાથી પણ વધુ સમય ચાલશે યુદ્ધ' : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વૉશિંગ્ટન, તા.૨
અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પરના હુમલાઓ વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સૈનિકોની શહાદત પર દુઃખ વ્યક્ત કરવાની સાથે ભવિષ્યની રણનીતિ અંગે મહત્વના સંકેતો આપ્યા છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે મધ્ય પૂર્વમાં અમેરિકી સૈન્ય અભિયાન અત્યારે પૂરી તાકાત સાથે ચાલુ છે અને આ યુદ્ધની સ્થિતિ એક મહિનાથી પણ વધુ સમય સુધી લંબાઈ શકે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુદ્ધમાં જાન ગુમાવનારા ત્રણ અમેરિકી સૈનિકોને 'મહાન' ગણાવ્યા છે. તેમણે સ્વીકાર્યું હતું કે તેમના બીજા કાર્યકાળમાં આ પ્રથમ અમેરિકી જાનહાનિ છે. અગાઉ વેનેઝુએલાના તાનાશાહ નિકોલસ માદુરોની ધરપકડ અને ઈરાની પરમાણુ મથકો પર કરાયેલી બોમ્બમારીમાં કોઈ મૃત્યુ થયા નહોતા. ટ્રમ્પે જણાવ્યું કે અધિકારીઓએ શહીદ સૈનિકોના પરિવારોનો સંપર્ક કર્યો છે અને તેઓ પોતે પણ યોગ્ય સમયે આ પરિવારોને મળશે.ઈરાન સાથે ભવિષ્યમાં વાતચીતની શક્યતા પર ટ્રમ્પે હકારાત્મક વલણ દાખવ્યું છે. તેમણે જણાવ્યું કે ઈરાની પક્ષ વાતચીત કરવા ઈચ્છે છે, પરંતુ તેમણે આ પ્રયાસ ગયા અઠવાડિયે જ કરવાની જરૂર હતી. હાલમાં ટ્રમ્પ જનરલો સાથે બેઠક કરી રહ્યા છે અને સ્થિતિનું સતત અપડેટ મેળવી રહ્યા છે.ટ્રમ્પે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું કે સાઉદી અરેબિયા પણ આ લડાઈમાં સામેલ થઈ રહ્યું છે, કારણ કે તેને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમણે બહેરીન, કતાર અને જોર્ડન જેવા મિત્ર દેશોના નેતાઓ સાથે પણ ચર્ચા કરી છે. ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાનમાં લોકશાહી પાંગરી શકે છે અને ત્યાં ઘણી સકારાત્મક વસ્તુઓ થઈ શકે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હું ઈરાનની સેનાને કહી દેવા માગુ છું કે તેઓ સરન્ડર કરી દે. જો તેઓ આવું નહીં કરે તો તેમનો ખાત્મો નક્કી જ છે. ઈરાન પર અમે એવી તાકાતથી હુમલો કરીશું કે અગાઉ ભૂતકાળમાં ક્યારેય નહીં થયું હોય.

## ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો રેડિએશનનું જોખમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૨ : અમેરિકા-ઈઝરાયેલે ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. રોયટર્સની રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થામાં ઈરાનના રાજદૂત રઝી નજફીએ જણાવ્યું કે ઈરાનના નાતાન્ઝ પરમાણુ સંકુલને અમેરિકા અને ઈઝરાયલે ટાર્ગેટ કર્યું છે. હુમલાની પુષ્ટિ કરતા નજાફીએ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની બોર્ડ મીટિંગમાં પત્રકારોને જણાવ્યું કે "અમેરિકા અને ઈઝરાયલે ફરીથી ઈરાનના શાંતિપૂર્ણ અને દેખરેખ હેઠળની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યો." આ મામલે રોઈટર્સ દ્વારા પૂછવામાં આવ્યું કે કઈ પરમાણુ સાઈટને નિશાન બનાવવામાં આવી છે ત્યારે રઝી નજફીએ જણાવ્યું નટાન્ઝ પરમાણુ સાઈટ પર હુમલો કરવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એટલે કે IAEAના ૩૫ દેશના બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં નજફી દ્વારા આ નિવેદન આપવામાં આવ્યું છે. ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો. ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન બાદ સંગઠન દ્વારા માનવામાં આવ્યું કે રેડિએશનના ખતરાને આ મુદ્દે નકારી ન શકાય. જોકે આ મામલે અમેરિકા કે ઈઝરાયલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં નથી આવી જેથી એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલ પર દબાણ બનાવવા આ ઈરાનનો એક પ્રયાસ હોઈ શકે.

### ખાડી દેશોમાં ઊભી થયેલી યુદ્ધની પરિસ્થિતિમાં

## ગુજરાત ભાજપ દ્વારા હેલ્પલાઈન સુવિધા શરૂ કરાઈ

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨ઃ ખાડી દેશોમાં ઊભી થયેલી યુદ્ધની પરિસ્થિતિને પગલે ત્યાં વસતા અથવા સહેલાણી તરીકે ગયેલા ગુજરાતીઓ અને તેમના પરિવારજનોની ચિંતાને ધ્યાનમાં રાખી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા વિશેષ હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. હેલ્પલાઈન નંબર ૦૭૯૨૩૨૭૬૯૪૩, ૦૭૯૨૩૨૭૬૯૪૪,૮૧૪૧૧૩૮૦૦૦, ૮૧૪૧૭૩૫૦૦૦ છે. આ હેલ્પલાઈનનો હેતુ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ગુજરાતના નાગરિકોની માહિતી એકત્રિત કરીને સહાય પૂરી પાડવાનો છે. નાગરિકો જાહેર કરાયેલા નંબર પર સંપર્ક કરી તેમના અસરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા સ્વજનનું નામ, સ્થળ, સંપર્ક વિગત તથા અન્ય જરૂરી માહિતી નોંધાવી શકશે. ભાજપા દ્વારા પ્રાપ્ત થતી તમામ વિગતોને પ્રાથમિકતા સાથે કેન્દ્ર સરકાર સુધી અસરકારક રીતે પહોંચાડવામાં આવશે, જેથી યોગ્ય સંકલન દ્વારા ઝડપી સહાય સુનિશ્ચિત થઈ શકે. સંવેદનશીલ સમયમાં નાગરિકોને જરૂરી તમામ સહયોગ માટે ભાજપા સજ્જ બન્યું છે.

## ગુજરાત શહેરી વિકાસ મિશન બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ, તા.૨ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના શહેરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. તેના માટે ગુજરાત શહેરી વિકાસ મિશન-GUDM દ્વારા મોટા શહેરોની સાથે રાજ્યના નગરપાલિકા ક્ષેત્રોમાં પણ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યોગ્ય આયોજનથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. શહેરી વિકાસ માટે રાજ્ય સરકારના આયોજનની નોંધ લઈને ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન-IWF દ્વારા ગુજરાતની ૧૫૬ નગરપાલિકાઓમાં ગટર નેટવર્કની સફાઈ કામગીરીના નિરીક્ષણ માટે બનાવવામાં આવેલા ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર માટે 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યની નગરપાલિકાઓમાં ગટર નેટવર્કનું મેન્ટેનન્સ વધુ સારી રીતે થઈ રહ્યું છે અને પાણીના પુનઃઉપયોગના લીધે લાખો લીટર પાણીને બચાવવામાં પણ સફળતા મળી છે. ટેક્નોલોજીના સમન્વયથી વધુ સારી રીતે કામગીરીનું નિરીક્ષણ શક્ય બન્યું છે અને પર્યાવરણને અનુકૂળ શહેરી વિકાસના વિઝનને સાર્થક બનાવવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારની આ કામગીરીની નોંધ લઈને બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ -જેક્ટ માટેનો જ્યુરી એવોર્ડ આપવામાં આવ્યો છે. ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા ૬ અને ૭ માર્ચના રોજ નવી દિલ્હી ખાતે વોટર ટ્રાન્સવર્સાલિટી ગ્લોબલ એવોર્ડ્સ અને કોન્ક્લેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ક્લેવ દરમિયાન GUDMને 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવામાં આવશે.

## ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા તા.૧૧ મેથી ૦૭ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ, તા.૨ :** ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના નોટિફિકેશન અને મહેસૂલ વિભાગના નિયમોને ધ્યાને રાખીને આગામી તા. ૧૧ મેથી ૦૭ જૂન, ૨૦૨૬ દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની યાદીમાં જણાવ્યા અનુસાર આ વેકેશન દરમિયાન અરજન્ટ હિયરિંગના કેસો જે કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં.

વધુમાં,આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો રહેશે. આ સમય દરમિયાન અપીલ કે રિવિઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે.

## વાપીની કેબીએસ કોલેજમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



**વાપી, તા.૦૨ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરિયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં દરેક વિદ્યાર્થીઓને વર્ગ ખંડના શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે પણ વિશેષ તાલીમ આપી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહ ખૂબ જ ઉત્સાહ અને ગર્વ સાથે કોલેજના ઓડીટોરીયમ હોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના પ્રમુખ જ્યોતિ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ આ સંસ્થાના ચેરમેન એ. કે. શાહ, ટ્રસ્ટી ભારતીબેન સુમેરીયા, પ્રવિણાબેન શાહ તથા નોટીફાઈડ એરીયા મહામંત્રી બિમલભાઈ ચૌહાણની વિશેષ ઉપસ્થિતી રહી હતી. મુખ્ય મહેમાને તેમના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ અભિનંદન આપ્યા અને સાંસ્કૃતિક અને રમતગમત પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાના સતત પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ ધ્યેયો માટે પ્રયત્નશીલ રહેવા અને તેમના પ્રદર્શનમાં સાતત્ય જાળવવા માટે પ્રેરિત કર્યા. એપ્રિલ ૨૦૨૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરતની પરીક્ષામાં સૌથી વધુ SGPA મેળવવા અને કોલેજ ટોપર્સ તરીકે ઉભરી આવવા બદલ કુલ ૨૭ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. વધુમાં, ૬૫ વિદ્યાર્થીઓને તેમના સમર્પણ અને સ્પર્ધાત્મક ભાવનાને માન્યતા આપીને, આંતર-વર્ગ પ્રથમ ક્રમ મેળવવા અને વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાન પ્રાપ્ત કરવા બદલ પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો એનાયત કરવામાં આવ્યા હતા. ઉજવણીમાં સાંસ્કૃતિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં પ્રતિભાને પણ માન્યતા આપવામાં આવી હતી. રંગોળી, ગરબા, એડ મેડ શો, ડ્રામા, ફેશન શો, ગાયન, મોનો એક્ટિંગ, ડાન્સ અને વર્ષભરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં -થમ ક્રમ મેળવનાર ૧૪૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારોહ શૈક્ષણિક પ્રતિભા, રમતગમત અને સાંસ્કૃતિક સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપીને સંસ્થાની સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આમ ઈનામ વિતરણ કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણે મુખ્ય મહેમાન, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી ભવિષ્યમાં પણ સફળ થવા તેમજ ઉજવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

## મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધના મંડાણથી ૭ લાખ ગુજરાતીઓના શ્વાસ અધ્ધર

### ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષની જ્વાળાઓ ખાડી દેશો સુધી પહોંચી : સુરતનો હીરા ઉદ્યોગ અને સૌરાષ્ટ્રના શ્રમિકો હવે રિસ્ક ઝોનમાં : આ સંભવિત મહાયુદ્ધને પગલે ગુજરાતના અર્થતંત્ર પર 'આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક'ની ભીતિ વર્તાઈ

**કમલ શાહ તરફથી,**
**અમદાવાદ, તા.૨ :** પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વણસી રહેલા લશ્કરી તણાવને પગલે માત્ર ભૌગોલિક સરહદો જ નહીં, પણ લાખો ગુજરાતી પરિવારોની ઊંઘ હરામ કરી દે તેવી શક્યતા આકાર પામી રહી છે. મધ્ય-પૂર્વના દેશોમાં વસતા અંદાજે ૯૦ લાખ ભારતીયોમાં ૭ લાખથી વધુ ગુજરાતીઓ હોવાની શક્યતા નકારી શકાતી નથી. જે ત્યાંના અર્થતંત્રમાં કરોડરજ્જુ સમાન છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયના રેકોર્ડ મુજબ, ગુજરાતના ૪૬,૭૬૬ શ્રમિકો તો માત્ર ઈ-માઈગ્રેટ પોર્ટલ પર નોંધાયેલા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે દુબઈ, મસ્કત અને કુવૈત જેવા શહેરોમાં હજારો ગુજરાતી પરિવારો પેઢીઓથી વસેલા છે અને ત્યાંના બિઝનેસ સેક્ટર પર તેમનું વર્ચસ્વ છે. આ યુદ્ધ માત્ર માનવીય સંકટ નથી, પણ ગુજરાતની આર્થિક નસોને તોડી શકે તેવું આર્થિક સંકટ પણ મનાય છે. દર વર્ષે ગલ્ફ દેશોમાં વસતા ભારતીયો અબજો ડોલરનું હૂંડિયામણ (Remittance) વતનમાં મોકલે છે. જેમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. જો આ દેશોમાં સ્થિતિ વણસે, તો માત્ર રેમિટન્સ જ નહીં, પણ ગુજરાતના હીરા, ટેક્સટાઈલ અને મરીન પ્રોડક્ટ્સના નિકાસ બજાર પર પણ કાયમી તાળું લાગી જવાની સંભાવના છે.

એક અંદાજ મુજબ, ગલ્ફ દેશોમાંથી ગુજરાતમાં દર મહિને આશરે રૂ.૨,૫૦૦ કરોડથી વધુની રકમ ઘર-પરિવાર ચલાવવા માટે આવે છે, જેના પર હવે જોખમ છે. ગુજરાતના સુરતથી સૌરાષ્ટ્ર સુધી આર્થિક આંચકાની સંભાવના રહેલી છે. યુદ્ધની સ્થિતિમાં ગુજરાતના જે ક્ષેત્રોને સૌથી મોટો ફટકો પડશે તેમાં સૌથી પહેલું નામ હીરા ઉદ્યોગનું છે. સુરતથી ઈઝરાયેલ અને શ્ચ્ચ માં મોટી માત્રામાં પોલિશ્ડ ડાયમંડની નિકાસ થાય છે. ઈઝરાયેલમાં વસતા અંદાજે ૨૦,૦૦૦ ભારતીયોમાં મોટો હિસ્સો હીરાના વેપારીઓનો છે. આ ઉપરાંત, ઈરાન અને ઈઝરાયેલના જળમાર્ગો જોખમાતા ક્રૂડ ઓઈલના ભાવમાં થનારો વધારો ગુજરાતના ટ્રાન્સપોર્ટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરની કમર તોડી નાખશે. લાલ સમુદ્ર (Red Sea) માં તણાવ વધવાથી શિપિંગ ખર્ચમાં ૪૦ ટકાનો વધારો થયો છે, જે મુંદ્રા અને કંડલા પોર્ટના બિઝનેસને અસર કરી રહ્યો છે.

### કેન્દ્ર સરકારનું 'મિશન સુરક્ષા' દૂતાવાસો હાઈ-એલર્ટ પર

વિદેશ મંત્રાલયે ઈન્ડિયન કોમ્યુનિટી વેલ્ફેર ફંડ (ICWF)ને સક્રિય કરીને ફસાયેલા નાગરિકો માટે સુરક્ષા કવચ તૈયાર કર્યું છે. જે શ્રમિકો પ્રવાસી ભારતીય વીમા યોજના (PBBY) હેઠળ સુરક્ષિત છે તેમને આર્થિક ટેકો મળી શકશે. ઈરાન અને ઈઝરાયેલમાં વસતા ભારતીયો માટે ૨૪x૭ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જો સ્થિતિ યુદ્ધમાં પરિણમે તો ભારત સરકાર અગાઉના ઓપરેશન અજય જેવું મોટું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી શકે છે.

### ગુજરાતના કયા ક્ષેત્રોને કેટલી અસર?

હીરા ઉદ્યોગ (Surat): ઈઝરાયેલ સાથેના સીધા વેપારને કારણે સુરતના ડાયમંડ માર્કેટમાં ૧૫ ટકાથી ૨૦ ટકા સુધીનો ઘટાડો આવી શકે છે.

નિકાસ (Logistics) : લાલ સમુદ્ર (Red Sea)માં તણાવ વધવાથી શિપિંગ કોસ્ટમાં ૪૦ ટકાનો વધારો થયો છે, જે ગુજરાતના પોર્ટ્સ (કંડલા, મુંદ્રા) પર અસર કરશે. ક્રૂડ ઓઈલ: ગુજરાતમાં સૌથી વધુ રિફાઈનરીઓ છે, કાચા તેલના ભાવ વધતા મોંઘવારીમાં સીધો ઉછાળો આવશે. સ્થાનિક રોજગારી ગલ્ફમાંથી પરત આવતા હજારો ગુજરાતીઓને ફરીથી રાજ્યમાં સમાવવા એ રોજગારીની દ્રષ્ટિએ મોટો પડકાર બનશે.

## વાપીમાં જાટ સમુદાય દ્વારા હોળી પર્વની ઉજવણી કરાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૨ :** ઔદ્યોગિક શહેર વાપીમાં હોળી મેળાવડો ભવ્ય રહ્યો છે. જાટ સમાજ વિકાસ પરિષદ દ્વારા જાટ સમાજ ઓડિટોરિયમમાં આયોજિત લોક કલાકાર અમિત શર્મા અને રાઘવ દાસ ભક્ત મંડળના તેમની ટીમે હોળીના ગીતો રજૂ કરીને ઉત્સાહમાં વધારો કર્યો હતો. મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા વાપી પ્રોવિડન્ટ ફંડ જોઈન્ટ કમિશનર પૂનમ ચૌધરીએ તેમને હોળીની શુભેચ્છાઓ પાઠવી અને સમુદાયના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે મહિલાઓને પ્રધાનમંત્રીના 'બેટી બચાવો, બેટી શિક્ષિત કરો સૂત્રને સાકાર કરવામાં સક્રિય ભૂમિકા ભજવવા અને દીકરીઓને તેમના સપનાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરવા વિનંતી કરી. તેમણે પોતાની સફળતાનો શ્રેય તેમના માતાપિતાના સતત સમર્થનને આપ્યો, જેના કારણે તેઓ આ સીમાચિહ્ન હાંસલ કરી શક્યા. ખાસ મહેમાનો GST સુપરિન્ટેન્ડેન્ટ ઉમરામ ચૌધરી, ઈન્સ્પેક્ટર સુમિત કુમાર અને રાજસ્થાન પ્રગતિ મંડળના ટ્રસ્ટી બી.કે. દયામાએ પણ જણાવ્યું હતું કે હોળીનો તહેવાર આપણને આપણી લોક સંસ્કૃતિ સાથે સંવાદિતા સાથે જોડાયેલા રહેવા માટે પ્રેરણા આપે છે. કાર્યક્રમના ડિરેક્ટર રામ સિંહ સહારાનએ તમામ મુલાકાતીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. મહેશ ભવનમાં અગ્રણી ગ્રીન રાજસ્થાની ગ્રુપ દ્વારા હોળી ઉત્સવ અને પ્રેમ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યશ બિયાલા ભાયંદર, પીયૂષ પીપલવા મુંબઈ અને લોક કલાકાર યમુના મીણા સહિતના કલાકારોએ ફાલ્ગુની ગીતોની રજૂઆત દ્વારા શ્રોતાઓનું મનોરંજન કર્યું હતું. તેમની સાથે રમેશ સરાવગી, રાજેન્દ્ર તિબ્રેવાલ અને ગ્રુપના અન્ય સાથીઓએ પણ પોતાનો સંપૂર્ણ સહયોગ આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
**www.damangatimes.com**

## વલસાડમાં માર્ચ મહિનાની પુસ્તક પરબ યોજાઈ



**વલસાડ, તા.૦૨ :** માર્ચ મહિનાના પહેલા રવિવારે વલસાડની બે જાહેર જગ્યા સર્કિટ હાઉસ પાસે અને એસ. ટી. વર્કશોપની સામે ક્રોમા પાસે ફૂટપાથ ઉપર ૭:૩૦થી ૯:૩૦ પુસ્તક પરબ મંડાય હતી. પુસ્તક પરબ હોળીના તહેવાર સાથે વધુ રંગીન રહી હતી.

આજની પરબમાં ૩૦ જેટલા નવા વાચકો સાથે આશરે ૨૭૦ લોકોએ મુલાકાત લીધી હતી. આજની પરબમાં ૪૫૧ પુસ્તકોને વાચકો મળ્યા હતાં. વાચકો પુસ્તક પરબ દ્વારા વાંચન તરફ વળ્યાનો આનંદ પણ પ્રગટ કરતા જોવા મળ્યા હતાં.

પુસ્તક પરબના ચેરપર્સન ડૉ.. આશા ગોહિલ (પ્રોફેસર,મોટાપોંઢા કોલેજ), હાર્દિક પટેલ (એડવોકેટ નોટરી) તથા સમગ્ર ટીમ દ્વારા આયોજિત થાય છે. ટીમના સભ્યો વાચકોને ગમતું પુસ્તક શોધી આપવામાં મદદ કરે છે અને વાચકો ગમતાં પુસ્તકોની માંગ કરતા હોય છે. તો વળી વાચકો પોતાની પાસે રહેલા પુસ્તકો પરબને ભેટ આપતા હોય છે. વાચકો પુસ્તક ગોઠવવામાં તો અંતે સમેટવામાં મદદ કરતા હોય છે પરિણામે તો પરબ આટલી સમૃદ્ધ બની રહી છે. સવારે ૭:૩૦ નાના બાળકો સહિત વાચકો હાજર થઈ જતા હોય છે. ૯:૩૦ પછી કોઈક કારણોસર મોડા પડ્યાના વસવસા સાથે દોડીને આવતા હોય છે. આ બાબતો પરબની ટીમને કામ કરવાનું બળ આપે છે.

જયારે વલસાડ, ચીખલી, બીલીમોરા, ડુંગરી, રૂમલા અને ધરમપુરથી જોડાયેલા પુસ્તક પરબ, વલસાડની ટીમના સભ્યો સમયસર હાજર રહી પરબને નિયમિત ચલાવવામાં એમનો સમય, શક્તિ, સૂઝ આપી રહ્યાં છે.

પુસ્તક પરબ પાસે ૧૫૦૦૦થી વધારે પુસ્તકો છે જેમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોમાં બાળસાહિત્ય, સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો, મોટિવેશનના પુસ્તકો, વાર્તા, નવલકથા, કવિતા, વિવેચન તથા વિવિધ પ્રકારના પુસ્તકોનો સમાવેશ થાય છે. આ સફરમાં ૧૦,૦૦૦થી વધુ પુસ્તકો વંચાયા છે જેનો આનંદ છે. વલસાડના લોકો પરબને પ્રોત્સાહન આપી રહ્યા છે વાચકો પણ પરબની ટીમને મદદ કરી રહ્યા છે. ત્યારે પુસ્તક પરબ વલસાડ હરહંમેશ પ્રતિબદ્ધતાથી કાર્ય કરતી જ રહેશે એવી નિસબત પ્રગટ કરે છે.

## વાપીથી ૧૩ કિલોથી વધુ ગાંજો જપ્ત કર્યો : એક મહિલા સહિત ચારની ધરપકડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૨ :** સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ વલસાડએ હોળી પહેલા ૧૩ કિલો ગાંજો સાથે ચાર લોકો જેમા એક મહિલાનો પણ સમાવેશ થાય છે. સાથે એક સગીરની પણ ધરપકડ કરવામાં આવી હતી. અને તેમની સામે કિશોર કાયદા હેઠળ વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષકે જિલ્લાને ડ્રગ્સની હેરાફેરી પર સંપૂર્ણ નિયંત્રણ રાખવા અને તેમાં સામેલ લોકોને ધરપકડ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તપાસ દરમિયાન, પેટ્રોલિંગ પર રહેલા લ્બ્ઞ ને એક બાતમીદાર પાસેથી ગાંજાની દાણચોરી કરતી ગેંગ વિશે માહિતી મળી. તેના આધારે, SOGએ વાપીના ડુંગરા પીરમોરાના રહેવાસી શૌકત કરીમ ખલીફા (૫૭), કરવડના રહેવાસી મનસુ વિનોદ સિંહ (૨૯), કટક, ઓડિશાના રહેવાસી સરસ્વતી ઈન્દ્રજીત ભોઈ (૩૯) અને ઓડિશાના મયુરભંજના રહેવાસી ગણેશ ઋતુપૂર્તિ (૩૯)ની ૧૩.૭૩૦ ગ્રામ ગાંજો સાથે ધરપકડ કરી હતી. તેમની સાથે એક સગીર પણ હતો, જેની સામે આગળની કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. પોલીસે જણાવ્યું કે આરોપીઓ પાસેથી ૯.૧૩ લાખ રૂપિયાથી વધુનો માલ જપ્ત કરવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે છેલ્લા ઘણા સમયથી વાપી પંથકમાંથી ગેરકાયદે હાઈબ્રીડ ગાંજો ડ્રગ્સ એમડી ડ્રગ્સ અને નશીલી પ્રદાનનો મોટો જથ્થો પકડાઈ રહ્યો છે. તેને જોતા વાપી એક ઉડતા પંજાબ બની જવા પામ્યો છે.














**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

Tuesday 03, March 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

## નાનાપોઢામાં વર્ષોથી એક જ હોળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચિવલ, તા. ૦૨ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા ગામમાં વર્ષોથી એક અનોખી પરંપરા જીવંત છે - સમગ્ર ગામ માટે એકજ હોળી પ્રગટાવવામાં આવે છે.

ગામના દરેક સમાજ અને પ્રજાજનો એક સ્થળે એક જ હોળી ચકલે ભેગા થઈને હોળી દહન કરે છે, જે ગામની એકતા અને સામાજિક સમરસતાનું પ્રતિક બની ગયું છે.

નાનાપોઢાના સરપંચ મુકેશભાઈ પટેલ જણાવે છે કે, હોળી ગામની એકતા અને પરંપરાની ઓળખ છે. નાનાપોઢાની આ અનોખી હોળી સમગ્ર જિલ્લામાં સમરસતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી છે.

### ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાન યુદ્ધ વચ્ચે

## કકવાડીનો ટંડેલ ૩ દિવસથી સંપર્ક વિહોણો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૦૨ :** હાલમાં ઈઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધને લઈ વલસાડ જિલ્લા દરિયાઈ પટ્ટીના અનેક ગામોના માછીમારો, બોટના કેપ્ટન તરીકે ગલ્ફની કન્ટ્રીમાં ફસાયા છે. જેમાં વલસાડના કકવાડીનો એક માછીમાર ઈરાનમાં ફસાતા છેલ્લા ત્રણ દિવસથી નેટવર્કના ઈસ્યુથી સંપર્ક નહીં કરી શકતા પરિવારની ચિંતા વધી છે.

હાલમાં ઈઝરાઈલ, અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધને લઈ સમગ્ર ખાડીના દેશોમાં અત્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ છે. અરબ દેશોમાં નોકરી ધંધાર્થે સમગ્ર દેશ સહિત વલસાડ જિલ્લાના માછીમારો માછીમારી કરવા જતા અન્ય દેશોમાં ગયેલા માછીમારોના પરિવાર અત્યંત ચિંતામાં મુકાયો છે. ત્યારે વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા કકવાડી ગામના ટંડેલ જ્યંતીભાઈ ટંડેલ અન્ય કંપનીમાં માછીમારી કરવા માટે ગયા હતાં. હાલ તેઓ ઈરાનમાં છે જોકે છેલ્લા બે દિવસથી ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ વણસતા વલસાડના કકવાડીમાં રહેતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ બન્યો છે. પરિવારે બે દિવસ અગાઉ જયંતીભાઈ સાથે વાત કરી હતી.

પરંતુ બે દિવસથી તેઓનો સંપર્ક નહીં થતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. યુદ્ધ ગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા અન્ય પરિવારજનો તેમના સ્વજનો વહેલી તકે સહી સલામત ઘરે વતન પરત ફરે તેવી આશા રાખીને મીટ માંડી રહ્યા છે.

## હોળી પર્વે નાનાપોઢામાં રૂા. ૬ કરોડથી વધુની બાઈક ખરીદી!





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ )
**ચીવલ, તા.૦૨** વલસાડ જિલ્લાના નાનાપોઢા અને કપરાડા તાલુકામાં હોળીનો તહેવાર આદિવાસી સમાજ માટે વર્ષનો સૌથી મોટો અને મહત્વપૂર્ણ પર્વ ગણાય છે. પરંપરાગત રીતે ઉજવાતો આ તહેવાર માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક જ નહીં, પરંતુ આર્થિક રીતે પણ વિશેષ મહત્વ ધરાવે છે. હોળીના અવસરે અહીં રૂા. ૬ કરોડથી વધુની મોટરસાયકલ બાઈકની ખરીદી થતી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

વર્ષ દરમિયાન રોજગારી માટે અન્ય શહેરો કે રાજ્યોમાં મજૂરી કામ કે નોકરી કરતા લોકો હોળીના પર્વે પોતાના વતન પરત ફરતા હોય છે. પરિવાર સાથે તહેવાર ઉજવવાની સાથે નવા વાહનની ખરીદી કરવી અહીં એક પરંપરા સમાન બની ગઈ છે.

નાનાપોઢાની પ્રખ્યાત અભિષેક એજન્સી નાનાપોઢાના સંચાલક અનિલભાઈ દવે જણાવે છે કે છેલ્લા ૨૫ વર્ષથી તેઓ આદિવાસી વિસ્તારમાં હોળી દરમિયાન વાહનોની વધતી માંગ જોઈ રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ દિવાળી કે નવરાત્રી કરતા હોળીના પાંચ દિવસ દરમિયાન ૫૦૦થી વધુ વાહનોનું વેચાણ થાય છે. સમગ્ર વર્ષમાં સૌથી વધુ વેચાણ પણ હોળીના સમયગાળામાં જ નોંધાય છે.

હોળી પર્વે નવા વાહન ખરીદીને લોકો તેને શુભ માનતા હોય છે. યુવાનોમાં ખાસ કરીને બાઈક પ્રત્યે વિશેષ આકર્ષણ જોવા મળે છે. પરિણામે નાનાપોઢા બજારમાં ઉત્સવમય માહોલ વચ્ચે શોરૂમોમાં ભારે ભીડ ઉમટી પડે છે.

આ રીતે હોળી પર્વ આદિવાસી સમાજ માટે સાંસ્કૃતિક સાથે આર્થિક પ્રગતિનો પણ પ્રતિક બની રહ્યો છે.

## ધરમપુરમાં હોળી પર્વે હાટ બજાર જામ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૦૨ :** હોળી પર્વના પાવન અવસરે ધરમપુર ખાતે પરંપરાગત સોમવારી હાટ બજારમાં માનવ મહેરામણ જામ્યું હતું. આદિવાસી સમાજના હજારો લોકો ખરીદી માટે ઉમટી પડતાં સમગ્ર હાટ વિસ્તાર તહેવાર રંગે રંગાઈ ગયો હતો. હોળીની તૈયારીઓને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેના કારણે બજારમાં જીવંત અને ઉત્સવી માહોલ સર્જાયો હતો.

યુવાનો, મહિલાઓ અને પરિવારજનો મોટી સંખ્યામાં કપડાં, રેડીમેડ વસ્ત્રો, ચંપલ, કરિયાણું તથા દૈનિક ઉપયોગની વસ્તુઓની ખરીદી માટે હાજર રહ્યા હતા. ખાસ કરીને નવા કપડાં લેવા કપડાંની દુકાનો પર ભારે ભીડ જોવા મળી હતી. અનાજ અને કરિયાણા બજારમાં પણ ગ્રાહકોની અવરજવર વધતાં સમગ્ર હાટ બજાર ખચાખચ ભરાઈ ગયું હતું. આદિવાસી સમાજમાં હોળી તહેવારને ધાર્મિક અને સામાજિક રીતે વિશેષ મહત્વ ધરાવતાં બટાકા, ખજૂર અને હારડાની ખરીદીમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. પરંપરાગત માન્યતાઓ અનુસાર આ વસ્તુઓનું હોળી તહેવારમાં વિશેષ સ્થાન હોવાને કારણે વેપારીઓમાં પણ ખુશીનો માહોલ રહ્યો હતો. હાટ બજાર દરમિયાન કેટલાક યુવાનો ભવાનીના મુખોટા ધારણ કરી તુર, થાળી, કાહોળા અને ઢોલ-નગારા સાથે નૃત્ય કરતા પરંપરાગત રીતે ફગવો ઉઘરાવતા નજરે પડ્યા હતા, જે આદિવાસી લોકસંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ બની રહ્યું હતું. આ દ્રશ્યોને જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.શહેરના સમડી ચોક પાસે સૌથી મોટી હોળી પ્રગટાવવામાં આવી હતી, જયાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી હતી. ઉપરાંત શહેરના મોટા બજાર, ગાર્ડન રોડ, વીમડેશ્વર મંદિર પાસે, માછીવાડ સહિત અન્ય વિસ્તારોમાં પણ હોળીકા દહનના કાર્યક્રમો યોજાયા હતા. ભાવિકોએ શ્રદ્ધાભાવથી પૂજા-અર્ચના કરી નારિયેળ હોમ્યા હતા અને સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થનાઓ કરી હતી.આ રીતે હોળી પૂર્વે ધરમપુર શહેર તહેવારી રંગે રંગાઈ ગયું હતું અને પરંપરા, શ્રદ્ધા અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

### મધ્ય-પૂર્વમાં જંગના પગલે વલસાડ જીલ્લામાં ચિંતાનો માહોલ છવાયો પણ..

## વલસાડ જીલ્લાના કામદારો અને સહેલાણીઓ સલામત : પરિવારમાં રાહત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૦૨ :** છેલ્લા બે દિવસથી મધ્ય-પૂર્વ (Middle East) માં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હુમલા અને ત્યારબાદ ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારોને કારણે સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે કુવેત અને દુબઈ (UAE) માં રહેલા વલસાડ જિલ્લાના મુસાફરો અને કામદારો સુરક્ષિત હોવાની માહિતી સામે આવતા તેમના પરિવારોએ મોટી રાહત અનુભવી છે. માર્ચ ૨૦૨૬ના પ્રારંભે શરૂ થયેલા આ સૈન્ય સંઘર્ષમાં દુબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને કુવેત એરપોર્ટ નજીક ડ્રોન અને મિસાઈલના અવશેષો પડવાની ઘટનાઓ બની હતી. આ ઘટનાઓને પગલે સ્થાનિક એરપોર્ટ પર ફલાઈટ કામગીરી ખોરવાઈ ગઈ હતી અને ઘણા ભારતીય મુસાફરો એરપોર્ટ અથવા હોટલોમાં અટવાઈ પડ્યા હતા.

વલસાડ જિલ્લામાંથી ધંધાર્થે કે પ્રવાસ અર્થે કુવેત અને દુબઈ ગયેલા અનેક મુસાફરો આ તણાવપૂર્ણ સ્થિતિમાં ફસાયા હતા. ત્યારે વલસાડ કૈલાસ રોડ પર રહેતા અને હાલ કુવેત માં કામ નોકરી કરવા ગયેલા દિનેશભાઈ મિસ્ત્રી અને હાલ વલસાડ કૈલાસ રોડ અને દુબઈ મીના બજાર વિસ્તારમાં રહેતા નીતિનભાઈ જોશી વલસાડમાં રહેતા પરિવારોએ સોશિયલ મીડિયા અને ફોન દ્વારા પોતાના સ્વજનો સાથે સંપર્ક સાધ્યો હતો. તેમણે જણાવ્યું છે કે તેઓ સુરક્ષિત જગ્યાએ છે. કુવેત અને દુબઈમાં રહેલા વલસાડના અગ્રણીઓએ પણ ત્યાં ફસાયેલા ગુજરાતીઓને મદદ પહોંચાડવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. ભારત સરકાર અને વિદેશ મંત્રાલય દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બિનજરૂરી અવરજવર ટાળે અને સ્થાનિક દૂતાવાસના સંપર્કમાં રહે છે.

વલસાડમાં રહેતા એક મુસાફરના પરિવારે જણાવ્યું કે, જ્યારે સમાચારમાં બોમ્બમારાના અહેવાલો જોયા ત્યારે અમે ખૂબ જ ગભરાઈ ગયા હતા, પરંતુ હવે અમારા પરિવારજન સાથે વાત થઈ છે અને તેઓ સુરક્ષિત હોવાનું જાણવા મળતા અમને શાંતિ થઈ છે.

હાલમાં ભારત આવતી અને જતી અનેક ફલાઈટ્સ રદ કરવામાં આવી હોવાથી, ઘણા મુસાફરોની ઘરવાપસીમાં થોડો વિલંબ થઈ શકે છે. જોકે, તમામ મુસાફરો સુરક્ષિત હોવાથી જિલ્લામાં રાહતની લાગણી છે.

### અમે સલામત છીએ



દિનેશભાઈ મિસ્ત્રી (કુવેત)



નીતિનભાઈ જોશી (દુબઈ)

ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના ભીષણ હુમલાને કારણે હવાઈયાત્રાઓ સ્થગિત થઈ છે કે રદ થઈ રહી છે ત્યારે ખાડીના દેશોમાં અનેક ભારતીયો ફસાયા છે જેમાં વલસાડ જીલ્લાના પણ ઘણાં લોકોનો સમાવેશ થાય છે. જો કે, આ પૈકીના દુબઈ અને કુવેતમાં કામધંધા માટે ગયેલાં બે વ્યકિતઓએ ત્યાથી પોતાનો અનુભવ જણાવ્યો છે. જે મુજબ હાલ વલસાડ અને સાઉદી અરેબિયાના કુવેતમાં નોકરી અર્થે ગયેલા દિનેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે છેલ્લા બે દિવસથી મધ્યપૂર્વ માં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હુમલા અને ત્યારબાદ ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારોને કારણે સમગ્ર વિશ્વમાં તનાવ બન્યો છે ત્યારે જે જગ્યા પર તેઓ નોકરી કરે છે.

ત્યાં તેઓ સુરક્ષિત હોવાનું જણાવ્યું છે. જયારે વલસાડના રહેતા અને હાલ દુબઈના મીના બજાર વિસ્તારમાં રહેતા નીતિનભાઈ જોશીએ જણાવ્યું કે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ ઈરાન દ્વારા વળતા પ્રહારો થઈ રહ્યા છે. જો કે તેઓ આ યુદ્ધ સ્થળેથી લગભગ ૨૦૦ કિલોમીટર જેટલું દૂર હોવાથી તેઓ સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું.

### વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા હેલ્પ લાઈન શરૂ કરાઈ



વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે હાલમાં આંતરરાષ્ટ્રીય તણાવપૂર્ણ સ્થિતિના લીધે હવાઈ મુસાફરીની ઊભી થયેલી કટોકટીના કારણે ડાંગ - વલસાડ - નવસારી જિલ્લાના અનેક યાત્રીઓ ગલ્ફ દેશોમાં અટવાયા છે.આ ચિંતાજનક પરિસ્થિતિને પહોંચી વળવા માટે પ્રયાસ થઈ રહ્યા છે.

જેમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની પણ પૂરતી મદદ મળી રહી છે. ડાંગ - વલસાડ - નવસારી જિલ્લાના કોઈ પણ પ્રવાસીને મદદ કે સેવાની જરૂર હોય તો આપની અથવા આપના પરિવારજનની નીચે મુજબની વિગત અમને જણાવેલ નંબર પર મોકલી આપવા વિનંતી. જેથી અમે આપને બનતી તમામ મદદ કરી શકીએ.સાંસદ ઓફિસ હેલ્પલાઈનેં ૮૧૪૦૩૪૭૭૧૩ નંબર આપી હેલ્પલાઈન શરૂ કરી છે.

## સાદકપોરમાં બે બાઈક ભટકાતાં ૧ ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૦૨ :** ચીખલીથી ફડવેલ જતા માર્ગ ઉપર આવેલ સાદકપોર ગામની હદમાં બે મોટરસાયકલ અથડાતા એક મોટરસાયકલ સવારને માથામાં ગંભીર ઈજા પહોંચતા સ્થળ ઉપર મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી થી ફડવેલ જતા માર્ગ ઉપર સાદકપોર ગામની હદમાં જ્યંતીભાઈ ગોવિંદભાઈ પટેલના ઘર સામે સાંજના સમયે એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર જીજે-૨૧-એઆર-૬૫૨૦ ના ચાલકે પોતાની ગાડી પૂર ઝડપે અને ગફલાત ભરી રીતે હંકારી લાવી સામેથી આવી રહેલ બજાજ પ્લેટીના ગાડી નંબર જીજે-૨૧-એએસ-૧૪૯૫ ઉપર સવાર મહેશભાઈ રમણભાઈ પટેલ ઉ.વ.૩૮ રહે. સિયાદા દાદરી ફળિયા જે મજુરી કામ કરી પરત ફરી રહ્યા હતાં. જેની સાથે ધડાકાભેર મોટરસાયકલ અથડાવી દેતા મહેશભાઈ પટેલ રોડ ઉપર પટકાતા જેને માથાના ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું જે બનાવ અંગેની ફરિયાદ રમણભાઈ પ્રેમાભાઈ પટેલના એ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે મરનાર મહેશભાઈ રમણભાઈ પટેલ જે ત્રણ દીકરીનો સંતાન હોય અને મા બાપનો એકને એક દીકરો હોય ત્યારે પરિવારનો આધાર સ્થભ છીનવાયો છે.

### ખાડી દેશોમાં યુદ્ધના તણાવની અસર

## વાપીમાં સ્ટેશને સર્ચ ઓપરેશન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૦૨ :** ઈરાન અને ખાડી દેશોમાં યુદ્ધથી ઉદ્ભવતા તણાવપૂર્ણ પરિસ્થિતિ અને સંભવિત સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને, રેલ્વે પ્રોટેક્શન ફોર્સએ વાપી રેલવે સ્ટેશન પર સંપૂર્ણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું. પોલીસે, જીઆરપી સાથે મળીને, સ્ટેશન પરિસર અને ટ્રેનોમાં પેટ્રોલિંગ કર્યું, લોકોને સુરક્ષા માર્ગદર્શન પૂરું પાડ્યું અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ હેલ્પલાઈન નંબર પર કરવા વિનંતી કરી. RPF એ જણાવ્યું હતું કે શોધ અને પેટ્રોલિંગ દરમિયાન ખાસ ધ્યાન આપવાના ક્ષેત્રોમાં સ્ટેશન પરિસર, પ્લેટફોર્મ, વેઈટિંગ રૂમ, પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજાઓનું સઘન નિરીક્ષણ અને શંકાસ્પદ વ્યક્તિઓ અને સામાનનું સતર્ક નિરીક્ષણ શામેલ છે. વધુમાં, સ્ટાફને સીસીટીવી કેમેરા દ્વારા રેલ્વે પરિસરમાં ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. મુસાફરોને જાહેર સંબોધન પ્રણાલી દ્વારા વાપી રેલ્વે પરિસર અને ટ્રેનોમાં સતર્ક રહેવા માટે ચેતવણી આપવામાં આવી હતી. તેમને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ RPF હેલ્પલાઈન નંબર ૧૩૯ અને GRP હેલ્પલાઈન નંબર ૧૫૧૨ પર કરવા તાકીદ કરવામાં આવી હતી. સ્ટેશન પરના તમામ વિભાગોને સંકલન જાળવવા અને સુરક્ષા માર્ગદર્શિકાનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું. RPF ઈન્સ્પેક્ટર આશિષ તિવારી, અન્ય RPF, GRP અને રેલ્વે અધિકારીઓ સાથે, ઓપરેશન દરમિયાન હાજર હતા.

## બોઈસરની કેમિકલ કંપનીમાં ગેસ ગળતરની ઘટનાથી દોડધામ

**કંપનીની આજુબાજુની ૧૫ થી ૨૦ કંપનીઓના કામદારોને સલામત સ્થળે ખસેડાયા : ૧૫ થી ૨૦ કીમી વિસ્તારમાં ગેસની અસર વર્તાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૦૨ :** પાલઘરના બોઈસર ખાતે આવેલી ઈન્ડસ્ટ્રીઝની એક કેમિકલ કંપનીમાં ગેસ લીકેજને કારણે ૧૫થી વધુ કંપનીના કામદારોને કંપનીમાંથી બહાર કાઢી સલામત સ્થળે ખસેડાયા ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ અને અફરાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટના સ્થળે ૧૦થી વધુ ફાયર ફાઈટર અને ટીમ ઘસી આવી હતી અને ગેસ હવામાં ફેલાતા વાતાવરણ ધુમ્મસભર્યુ બની જવા પામ્યું હતું.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે મહારાષ્ટ્રના પાલઘર ખાતે આવેલ બોઈસરની જીઆઈડીસીની ભગરિયા કેમિકલ લિમિટેડ નામની કંપનીમાં અચાનક બપોરે એક કલાકે ગેસ લીકેજ કે કેમિકલ લીકેજ થવાની ઘટના બની હતી અને આ ગેસ એટલો ઝેરી હતો કે તાત્કાલિક તેની અસર આ કંપનીની આજુબાજુમાં આવેલી ૧૫ થી ૨૦ કંપનીના કામદારોને અસર કરતા તાત્કાલિક આ તમામ કંપનીના કામદારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતાં. ઘટનાને પગલે તાત્કાલિક ૧૫થી વધુ ફાયર ફિગર ની ટીમ પહોંચી હતી અને ગેસ લીકેજની કાબૂમાં લેવાની તજવીજ હાથ ધરી હતી.

જોકે આ ઘટનાને પગલે સમગ્ર જીઆઈડીસી વિસ્તારમાં અને તેની આજુબાજુના રહેણાંક વિસ્તારમાં રહેતા લોકોને તેની અસર થતા સમગ્ર દાહણુ જીલ્લો અને પાલઘર તાલુકાના વહીવટી તંત્ર પણ કામે લાગ્યું હતું જો કે મોડી સાંજ સુધી આ ઘટનામાં કેટલા કામદારોને અસર થઈ છે કે ઘટના બનવાનું કારણ પણ અકબંધ રહ્યું છે.






આજે હોળીના તહેવાર નિમિત્તે વહેલી સવારથી વાપીના અનેક વિસ્તારોમાં હોળીને સજાવવાની તૈયારીઓ કરાઈ રહી હતી. જે દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ વાપી દેસાઈવાડના હનુમાનજી મંદિર ખાતેની સૌથી મોટામાં મોટી હોળી દહન કરવામાં આવે છે. જે માટે પણ વાપીના અગ્રણીઓ તેમજ યુવાનો દ્વારા હોળી સજાવી લેવાય હતી અને સાંજે ૭:૦૦ કલાકે હોલિકા દહન કરવામાં આવી હતી. વાપીમાં જાણીતાં ગાયત્રી મંદિર પરિસરમાં પણ પરંપરાગત રીતે હોળીકાની પૂજા કરવા સાથે ભાવિકોએ પ્રદક્ષિણા કરી હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**